અધ્યાત્મ



વર્ષ : ૪૮ ઓક્ટોબર : ૨૦૨૫ અંક : ૧

॥ ચિત્ત પી ॥

ચિત્ત, પી ચરણોનો રસ તું!
ભ્રાંતિ ભરીને ભમે જગતમાં
ચંચલ બનતાં શું!
ધ્યાન ધરી લે ચારુ ચરણનું,
સત્ય કહું છું હું ! ...ચિત્ત

રસનો સંગમ થાય સદા ત્યાં
મંગલ તીર્થ થયું;
સ્નાન કરીલે સ્નેહે એમાં
હિતનું વચન કહ્યું. ...ચિત્ત

સ્વર્ગ થકી વધુ સુખકારક એ
ચરણપ્રીત કર તું;
પરમશાંતિ સાંપડશે તુજને,
ના નુકશાન કશું. ...ચિત્ત

ભવસાગરની નક્કર નૌકા.
આરૂઢ થજે તું;
ઘોર તરંગો કરશે કૈં ના,
હિંમત આપું હું ! ...ચિત્ત

માયા કર એ ચારુ ચરણની,
હઠ ના ક્યાંય તસુ;
પાગલ કે' બડભાગી બનશે,
અમર થશે મૃત શું. ...ચિત્ત

- શ્રીયોગેશ્વરજી
('શ્રીયોગેશ્વરજીનાં ભજનો')

॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

॥ અધ્યાત્મ ॥

(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)

સંસ્થાપક : પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી

પ્રકાશક : સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

આદ્ય તંત્રી : શ્રીનારાયણ જાની

સંપાદક : શ્રીતરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

વ્યવસ્થાપક : શ્રીઆશિષ વી. ગોહિલ P.966 466 9052

મુદ્રણ : વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

લેખો મોકલવાનું સ્થાન : ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

॥ શું જન્મ ને શું મૃત્યુ ? ॥

યુ આંગ ત્સે ચીનના એક મહાન ફિલસૂફ. તેમને ઘેર આનંદનો પ્રસંગ આવ્યો. તેમની પત્નીએ પુત્રને જન્મ આપ્યો. લોકો હરખથી વધાઈ આપવા આવ્યા. તો યુ આંગ ત્સે એક ખૂણામાં બેસીને રડતા હતા. લોકોએ કહ્યું, 'અમે મીઠાઈ માટે આવ્યા છીએ.' અને તમારા જેવા મહાપુરુષને આમ રડવાનું સૂઝે છે ? યુ આંગ ત્સેએ કહ્યું; 'એ બાળકનું મૃત્યુ ક્યારે થશે તે મેં જાણી લીધું છે. એની ચિંતામાં હું રડું છું.'

થોડાંક વરસો બાદ તેમની પત્નીનું અવસાન થતાં લોકો તેમને દિલાસો આપવા આવ્યા.

યુ આંગ ત્સે બહાર ઓટલા ઉપર બેસી બીન વગાડતા હતા, ગાતા હતા !

લોકોએ કહ્યું; 'અમે દિલાસો આપવા આવ્યા છીએ. પત્ની મૃત્યુ પામે તો દુઃખ થાય તેને બદલે તમે તો ગાવા બેસી ગયા ! કારણ શું ?'

યુ આંગ ત્સે બોલ્યા : 'એ તો છૂટી. જન્મ-મરણનાં ફેરામાંથી મુક્ત થઈ ગઈ. માટે હું ગાઉં છું.'

—એક ઝેનકથા

॥ ॐ યોગેશ્વરાય નમઃ ॥ ॥ ॐ 'મા' સર્વેશ્વર્યૈ નમઃ ॥

॥ ઑક્ટોબરનું માહાત્મ્ય ॥

બીજી ઑક્ટો : રાષ્ટ્રપિતા ગાંધીજીનો જન્મદિન
ચોથી ઑક્ટો : માતાજી જ્યોતિર્મયીનો નિર્વાણદિન

॥ સુરતન આન ગયી ॥

"જે દિવસે પરમ સત્તા તરફ ધ્યાન ગયું. આ જગતમાં, ગતિશીલ જગતમાં, આ પરિવર્તનોની અંદર એક 'એકતાની ધારા' છે, જીવનનો એવો કોઈક પ્રવાહ છે; 'જે જન્મમરણને કારણે નષ્ટ નથી થતો.' જીવન ચાલતું જ રહે છે. એ જ 'સુરતન' છે, એ જ 'જીવન' છે."

—કબીર સાહેબ

અનુક્રમ

નિવેદન		૭
૧ શ્રીયોગેશ્વરકથામૃત	શ્રી'મા' સર્વેશ્વરી	૮
* બે આત્મકથાઓની પ્રસ્તાવનાઓનું સામ્ય		
૨ 'સત્યના પ્રયોગો'ની પ્રસ્તાવના	શ્રીમોહનદાસ ક. ગાંધી	૧૦
૩ 'પ્રકાશના પંથે'ની પ્રસ્તાવના	શ્રી યોગેશ્વરજી	૧૬
૪ મહાત્મા ગાંધીજી : જીવનનો કલાધર	શ્રીઉમાશંકર જોશી	૨૨
૫ ગાંધીજીનો અદ્‌ભુત અનુભવ	શ્રીયોગેશ્વરજી	૨૬
૬ માતાજીનો લીલાસંવરણ પ્રસંગ	''	૩૧
૭ માતાજીવિષયક કાવ્ય : 'અમર જીવન'	''	૩૫
૮ શહીદ બિસ્મિલની આત્મકથાનું એક હૃદયદ્રાવક પ્રકરણ	સૌજન્ય સ્વીકાર(માયા ભદૌરિયા)	૩૬
૯ 'સ્વર્ગારોહણ'માં કૃપાની રેલમછેલ	સંકલન	૪૦
૧૦ 'ગુરુપૂર્ણિમા પર્વ'—૨૦૨૫	શ્રીઅશ્વિન કાકા	૪૯
૧૧ 'શહીદવંદના'નું એક અનોખું આધ્યાત્મિક અભિયાન	સંકલન	૬૦
૧૨ 'જપ'નું રક્ષાકવચ	શ્રીનિકુંજ જોશી	૬૪
૧૩ ચાલો, ઈશ્વર શોધી લઈએ	શ્રીરુચિત પંડ્યા	૬૬

॥ સંદર્ભગ્રંથો ॥

સત્યના પ્રયોગો (મો.ક.ગાંધી)

ગાંધી-ગંગા ૧ (સં.મહેન્દ્ર મેઘાણી)

'પ્રકાશના પંથે' (શ્રીયોગેશ્વરજી)

'તર્પણ' કાવ્યસંગ્રહ (શ્રીયોગેશ્વરજી)

'શહીદ બિસ્મિલની આત્મકથા'નો એક અંશ

નિવેદન : 'ગાંધીજીનું સમસ્ત સંસાર માટેનું યોગદાન અને માતાજીની અનાસક્તિ વંદનીય છે.'

રાષ્ટ્રપિતા શ્રીગાંધીજીના ભારતને જ નહિ, સમસ્ત સંસારને માટેના યોગદાનથી અને મહાત્મા શ્રીયોગેશ્વરજીનાં માતાજીની અનન્ય પ્રભુશ્રદ્ધાથી સુગંધિત ઑક્ટોબર મહિનાની બે તારીખો : ૨ જી ઑક્ટો. તેમજ ૪ થી ઑક્ટો. આપણા માટે અત્યંત પૂજનીય-વંદનીય બની રહે છે.

મહાત્મા ગાંધીજીના વખતમાં સમાજકારણમાં બે આદર્શો પ્રવર્તતા હતા. (૧) યોગસાધના દ્વારા મુક્તિ મેળવવાનો અને (૨) દેશસેવામાં ખપી જવાનો. આ બંનેનો સમન્વય ગાંધીજીમાં દેખાયો. પૂ.શ્રીયોગેશ્વરજીએ પહેલો આદર્શ સિદ્ધ કર્યો પણ બીજો આદર્શ સિદ્ધ કરવાનું જે સ્વપ્ન હતું, એના પર ગાંધીજીનો અનન્ય પ્રભાવ પડ્યો. 'ગાંધીગૌરવ' મહાકાવ્યની રચના એનું પ્રમાણ બન્યું.

આ અંકમાં યોગાનુયોગ 'પ્રકાશના પંથે'નાં બે પ્રકરણોમાં એનું પ્રતિબિંબ જોવા મળે છે. 'ગાંધીજીનો અદ્‌ભુત અનુભવ' પ્રકરણમાં શ્રીયોગેશ્વરજી કહે છે : 'ગાંધીજીનું યોગદાન ભારત પૂરતું મર્યાદિત ન હતું, સમસ્ત સંસારને માટે એમણે આપેલો ફાળો મહત્ત્વનો હતો. એમનું કાર્ય ચક્રવર્તી, ચિરસ્મરણીય હતું. એ લક્ષમાં લઈને 'ગાંધીગૌરવ' કૃતિની રચના થઈ. એમના શતાબ્દી વર્ષ દરમ્યાન એ પ્રકાશિત કરવાનો સંકલ્પ કર્યો.'

બીજા પ્રકરણ 'માતાજીના લીલાસંવરણ પ્રસંગ'માં પૂજ્ય શ્રીયોગેશ્વરજી લખે છે : 'માતાજીને દુનિયાના કોઈપણ પદાર્થની મમતા કે આસક્તિ નહોતી. તેઓશ્રી કહેતાં : હું મારા ભગવાનની પાસે છું એટલે મને કશી ચિંતા નથી.'

આ બંને પ્રકરણોમાં આપણા ગુરુદેવ પ્રભુ જે જન્મમરણ રહિત છે તેમના અક્ષરી અજવાસમાં મહાત્મા ગાંધીજી તેમજ માતાજીના 'અમર આત્માઓની દ્યુતિ' અનુભવી શકાય છે. એ ઉભય ચેતનાઓને કોટિ કોટિ પ્રણામ.

॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

તા.૧૦/૬/૧૯૮૩, શુક્રવાર. વૈશાખ વદ ચૌદસ, વિ.સં.૨૦૪૦

સ્થળ : મસૂરી.

આજે પણ પૂ.શ્રી નિત્યકર્મમાંથી નિવૃત્ત થઈ બરાબર સાત વાગ્યે લેખન માટે બેસી જાય છે. પૂ.શ્રીના ઓરડામાં બે બારીઓ છે. એક બાજુથી સાત નદીઓનાં દૂર દૂર ખીણમાં દર્શન થાય છે. તો બીજી બારીમાંથી મસૂરીના માર્ગ દેખાય છે. જે બારી માર્ગ તરફ પડે છે ત્યાં એક સફેદ ચાદર પાથરેલો પલંગ છે. તે પલંગ ઉપર પલાંઠી વાળીને પૂ.શ્રી લેખન માટે બેસી જાય છે. દસ વાગ્યા સુધી એ ક્રમ રહે છે.

બાર વાગ્યે ભોજન લઈએ છીએ. ભોજન બાદ મેલારામ સ્ટુડિયોવાળા અને દિલ્હીના એક બેન મળવા આવે છે. જે જે જાણે છે તેને ખૂબ ખૂબ આનંદ થાય છે. સૌ પ્રાર્થના કરે છે કે, વધુ ને વધુ અહીં રહેજો.

સાંજે થોડું બહાર ફરવા જવાનું બને છે. સાથે શ્રીરતનલાલજી, નંદાજી પણ છે. બહાર નીકળતાં જ દુકાનોમાંથી જેની જેની નજર પડે છે તે તે પૂ.શ્રીને પ્રણામ કરીને બહાર આવે છે. કેટલાંક વળી પોતાની દુકાનમાં પૂ.શ્રી પગલાં પાડે એવું ઈચ્છે છે. પણ પૂ.શ્રી 'ફરી કોઈ વાર' એમ કહી આગળ ચાલે છે.

એક વૃદ્ધ ભિખારી પણ રસ્તા ઉપર બેઠો છે તે પૂ.શ્રીને ભાવથી પ્રણામ કરે છે. પૂ.શ્રી તેને એક રૂપિયો અપાવે છે. ફરી જ્યારે એ માર્ગે પાછા વળીએ છીએ ત્યારે ભિખારી ફરી પ્રણામ કરીને વિનંતિ કરે છે કે, 'મહારાજ ઘણાં પાસે મેં આપના ફોટાઓ જોયા છે. મારે પણ આપનો ફોટો જોઈએ છે. મને આપનો એક નાનો ફોટો ન આપી શકો ?' પૂ.શ્રીએ તેની ભાવના જોઈને કહ્યું, 'જરૂર. ફોટો હશે તો આપીશું.'

પૂ.શ્રી એક સંત છે. એ સંતપુરુષને મસૂરી શહેર જાણે છે. અરે ! દૂધ, દહીં વેચનાર ભૈયાઓ પણ ઊભા રહી નમસ્કાર કરે છે ! તો ભિખારી વળી એ સંતપુરુષની તસ્વીર માગે છે, કેવું આશ્ચર્ય ! એક સંતપુરુષે રાહદારીથી માંડીને મહેલવાળા સુધીના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે ! એ દૃશ્ય જોવાનું સદ્‌ભાગ્ય મળવું એ પણ અનોખો અવસર છે.

હરિઃૐ હરિઃૐ હરિઃૐ

–શ્રી'મા' સર્વેશ્વરી

।। બે આત્મકથાઓની પ્રસ્તાવનાઓનું સામ્ય ।।

[કહેવાયું છે : 'Great men think alike' અર્થાત્ 'મહાન વ્યક્તિઓ એક સરખું વિચારે છે.' એ સંદર્ભમાં મહાત્મા ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' અને મહાત્મા શ્રીયોગેશ્વરજીની આત્મકથા 'પ્રકાશના પંથે'ની પ્રસ્તાવનામાં ઘણુંબધું સામ્ય જોવા મળે છે. એની પ્રતીતિ 'અધ્યાત્મ'ના વાચકોને કરાવવાના હેતુથી એ બંને પ્રસ્તાવનાઓના કેટલાક અંશો આપ સમક્ષ ધર્યા છે. આશા છે કે આ અભ્યાસ રસપ્રદ થઈ પડશે.]

।। 'સત્યના પ્રયોગો'ની પ્રસ્તાવના ।।

મારે આત્મકથા ક્યાં લખવી છે ? મારે તો આત્મકથાને બહાને સત્યના મેં જે અનેક પ્રયોગો કરેલા છે તેની કથા લખવી છે. તેમાં મારું જીવન ઓતપ્રોત હોવાથી કથા એક જીવનવૃત્તાંત જેવી થઈ જશે એ ખરું છે. પણ જો તેમાંથી પાને પાને મારા પ્રયોગો જ નીતરી આવે તો એ કથાને હું પોતે નિર્દોષ ગણું. મારા બધા પ્રયોગોનો સમુદાય પ્રજાની પાસે હોય તો તે લાભદાયી થઈ પડે એમ હું માનું છું, —અથવા કહો કે એવો મને મોહ છે. રાજયપ્રકરણી ક્ષેત્રમાંના મારા પ્રયોગો હવે તો હિંદુસ્તાન જાણે છે, એટલું જ નહિ પણ થોડેઘણે અંશે સુધરેલું કહેવાતું જગત પણ જાણે છે. એની કિંમત મારે મન ઓછામાં ઓછી છે. અને તેથી એ પ્રયોગોની મારફતે મને 'મહાત્મા'નું પદ મળ્યું છે એની કિંમત પણ જૂજ જ છે. કેટલીક વેળા તો એ વિશેષણે મને અતિશય દુઃખ પણ દીધું છે. એ વિશેષણથી હું

ફુલાઈ ગયો હોઉં એવી એક પણ ક્ષણ મને યાદ નથી. પણ મારા આધ્યાત્મિક પ્રયોગો, જે હું જ જાણી શકું અને જેમાંથી મારી રાજ્યપ્રકરણી ક્ષેત્ર ઉપરની શક્તિ પણ ઉદ્‌ભવી છે, તે પ્રયોગોનું વર્ણન કરી જવું મને ગમે ખરું. જો એ ખરેખર આધ્યાત્મિક હોય તો એમાં તો ફૂલણશીને સ્થાન જ નથી. એમાંથી તો કેવળ નમ્રતાની જ વૃદ્ધિ થાય. જેમ જેમ હું વિચાર કરતો જાઉં છું, મારા ભૂતકાળના જીવન ઉપર દૃષ્ટિ નાખતો જાઉં છું, તેમ તેમ મારું અલ્પપણું હું શુદ્ધ રીતે જોઈ શકું છું. મારે જે કરવું છે, જેની હું ૩૦ વર્ષ થયાં ઝંખના કરી રહ્યો છું, તે તો આત્મદર્શન છે, તે ઈશ્વરનો સાક્ષાત્કાર છે, મોક્ષ છે. મારું ચલનવલન બધું એ જ દૃષ્ટિએ થાય છે. મારું લખાણ બધું એ જ દૃષ્ટિએ છે અને મારું રાજ્યપ્રકરણી ક્ષેત્રની અંદર ઝંપલાવવું પણ એ જ વસ્તુને આધીન છે.

પણ મૂળથી જ મારો અભિપ્રાય રહ્યો છે કે જે એકને સારું શક્ય છે તે બધાને સારુ શક્ય છે. તેથી મારા પ્રયોગો ખાનગી નથી થયા, નથી રહ્યા. એ સહુ જોઈ શકે એમાં મને તેની આધ્યાત્મિકતા ઓછી થતી હોય એમ નથી લાગતું. એવી કેટલીક વસ્તુઓ અવશ્ય છે કે જે આત્મા જ જાણે છે, આત્મામાં જ શમી જાય છે, પણ એવી વસ્તુ આપવી એ મારી શક્તિ ઉપરાંતની વાત થઈ. મારા પ્રયોગોમાં તો આધ્યાત્મિક એટલે નૈતિક; ધર્મ એટલે નીતિ; આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ. એટલે જે વસ્તુઓનો નિર્ણય બાળકો, જુવાન અને બુઢ્ઢાં કરે છે અને કરી શકે છે તે જ વસ્તુઓનો આ કથામાં સમાવેશ થશે. આવી કથા જો હું તટસ્થ ભાવે, નિરભિમાનપણે લખી શકું તો

તેમાંથી બીજા પ્રયોગો કરનારાઓને સારુ કંઈક સામગ્રી મળે.

આ પ્રયોગોને વિશે હું કોઈ પણ પ્રકારની સંપૂર્ણતા આરોપતો જ નથી. વિજ્ઞાનશાસ્ત્રી જેમ પોતાના પ્રયોગો અતિશય નિયમસર, વિચારપૂર્વક અને ઝીણવટથી કરે છે, છતાં તેમાંથી નિપજાવેલાં પરિણામોને તે છેવટનાં ગણાવતો નથી, અથવા તો એ એનાં સાચાં જ પરિણામ છે એ વિશે પણ સાશંક નહિ તો તટસ્થ રહે છે, તેવો જ મારા પ્રયોગોને વિશે મારો દાવો છે. મેં ખૂબ આત્મનિરીક્ષણ કર્યું છે, એકએક ભાવને તપાસ્યો છે, તેનું પૃથક્કરણ કર્યું છે. પણ તેમાંથી નીપજેલાં પરિણામ એ સહુને સારુ છેવટનાં જ છે, એ ખરાં છે અથવા તો એ જ ખરાં છે, એવો દાવો હું કોઈ દિવસ કરવા ઇચ્છતો નથી. હા, એક દાવો હું અવશ્ય કરું છું કે મારી દૃષ્ટિએ એ ખરાં છે, અને અત્યારે તો છેવટનાં જેવાં લાગે છે. જો ન લાગે તો મારે એના ઉપર કોઈ પણ કાર્ય ન રચવું જોઈએ. પણ હું તો પગલે પગલે જે જે વસ્તુઓને જોઉં તેના ત્યાજ્ય અને ગ્રાહ્ય એવા બે ભાગ પાડી લઉં અને જેને ગ્રાહ્ય વસ્તુ સમજું તે પ્રમાણે મારા આચારોને ઘડું. અને જ્યાં લગી એ પ્રમાણે ઘડાયેલા આચાર મને, એટલે મારી બુદ્ધિને અને આત્માને, સંતોષ આપે ત્યાં લગી મારે તેનાં શુભ પરિણામો વિશે અચલિત વિશ્વાસ રાખવો જ જોઈએ.

જો મારે કેવળ સિદ્ધાંતોનું એટલે તત્ત્વોનું જ વર્ણન કરવાનું હોય તો આ આત્મકથા હું ન જ લખું. પણ મારે તો તેના ઉપર રચાયેલાં કાર્યોનો ઈતિહાસ આપવાનો છે, અને તેથી જ મેં આ પ્રયત્નને 'સત્યના પ્રયોગો' એવું પહેલું નામ આપેલું છે. આમાં

સત્યથી ભિન્ન મનાતા અહિંસા, બ્રહ્મચર્ય ઇત્યાદિ નિયમોના પ્રયોગો પણ આવી જશે. પણ મારે મન સત્ય જ સર્વોપરી છે અને તેમાં અગણિત વસ્તુઓનો સમાવેશ થઈ જાય છે. આ સત્ય તે સ્થૂલ - વાચાનું - સત્ય નહિ. આ તો જેમ વાચાનું તેમ વિચારનું પણ ખરું. આ સત્ય તે આપણે કલ્પેલું સત્ય જ નહિ. પણ સ્વતંત્ર ચિરસ્થાયી સત્ય; એટલે કે પરમેશ્વર જ.

પરમેશ્વરની વ્યાખ્યાઓ અગણિત છે, કેમ કે તેની વિભૂતિઓ પણ અગણિત છે. એ વિભૂતિઓ મને આશ્ચર્યચકિત કરે છે. એ મને ક્ષણવાર મુગ્ધ પણ કરે છે. પણ હું પૂજારી તો સત્યરૂપી પરમેશ્વરનો જ છું. એ એક જ સત્ય છે અને બીજું બધું મિથ્યા છે. એ સત્ય મને જડ્યું નથી, પણ એનો હું શોધક છું. એ શોધવાને અર્થે જે વસ્તુ મને પ્રિયમાં પ્રિય હોય તેનો ત્યાગ કરવા હું તૈયાર છું, અને એ શોધરૂપી યજ્ઞમાં આ શરીરને પણ હોમવાની મારી તૈયારી છે અને શક્તિ છે એવો મને વિશ્વાસ છે. પણ એ સત્યનો હું સાક્ષાત્કાર ન કરું ત્યાં લગી મારો અંતરાત્મા જેને સત્ય ગણે છે તે કાલ્પનિક સત્યને મારો આધાર ગણી, મારી દીવાદાંડી ગણી, તેને આશ્રયે મારું જીવન હું વ્યતીત કરું છું.

આ માર્ગ જોકે ખાંડાની ધારે ચાલવા જેવો છે છતાં મને સહેલામાં સહેલો લાગ્યો છે. એ માર્ગે જતાં મારી ભયંકર ભૂલો પણ મને નજીવી જેવી લાગી છે. કારણ કે એ ભૂલો કરવાં છતાં હું બચી ગયો છું અને, મારી સમજણ પ્રમાણે, આગળ વધ્યો છું. દૂર દૂરથી વિશુદ્ધ સત્યની - ઈશ્વરની - ઝાંખી પણ કરી રહ્યો છું.

સત્ય જ છે, એ સિવાય બીજું કાંઈ જ આ જગતમાં નથી, એવો મારો વિશ્વાસ દિનપ્રતિદિન વધતો જાય છે. એ કઈ રીતે વધતો ગયો છે એ મારું જગત એટલે 'નવજીવન' ઇત્યાદિના વાંચનાર જાણી ભલે મારા પ્રયોગોના ભાગીદાર બને અને તેની ઝાંખી પણ મારી સાથે સાથે કરે. વળી, જેટલું મારે સારુ શક્ય છે તેટલું એક બાળકને સારુ પણ શક્ય છે એમ હું વધારે ને વધારે માનતો થયો છું, અને તેને સારુ મારી પાસે સબળ કારણો છે. સત્યની શોધનાં સાધનો જેટલાં કઠણ છે તેટલાં જ સહેલાં છે. એ અભિમાનીને અશક્ય લાગે અને એક નિર્દોષ બાળકને તદ્દન શક્ય લાગે. સત્યના શોધકને રજકણથી પણ નીચે રહેવું પડે છે. જગત આખું રજકણને કચડે છે, પણ સત્યનો પૂજારી તો રજકણ સુદ્ધાં તેને કચડી શકે એવો અલ્પ ન બને ત્યાં સુધી તેને સ્વતંત્ર સત્યની ઝાંખી પણ દુર્લભ છે. આ વસ્તુ વસિષ્ઠવિશ્વામિત્રના આખ્યાનમાં સ્પષ્ટ બતાવવામાં આવી છે. ખ્રિસ્તી ધર્મ અને ઇસ્લામ પણ એ જ વસ્તુ સિદ્ધ કરે છે.

જે પ્રકરણો હું લખવાનો છું તેમાં જો વાંચનારને અભિમાનનો ભાસ આવે તો તેણે અવશ્ય સમજવું કે મારી શોધમાં ખામી છે અને મારી ઝાંખીઓ તે ઝાંઝવાનાં નીર સમાન છે. ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ, પણ સત્યનો જય થાઓ. અલ્પાત્માને માપવાને સારુ સત્યનો ગજ કદી ટૂંકો ન બનો.

મારા લેખોને કોઈ પ્રમાણભૂત ન ગણે એમ હું ઇચ્છું છું, એવી મારી વિનંતી છે. તેમાં દર્શાવેલા પ્રયોગોને દૃષ્ટાંતરૂપે

ગણીને સહુ પોતપોતાના પ્રયોગો યથાશક્તિ અને યથામતિ કરે એટલી જ મારી ઇચ્છા છે. એ સંકુચિત ક્ષેત્રમાં મારા આત્મકથાના લેખોમાંથી ઘણું મળી શકશે એવો મારો વિશ્વાસ છે. કેમ કે, કહેવા યોગ્ય એક પણ વાત હું છુપાવવાનો નથી. મારા દોષોનું ભાન વાંચનારને હું પૂરેપૂરું કરાવવાની આશા રાખું છું. મારે સત્યના શાસ્ત્રીય પ્રયોગો વર્ણવવા છે, હું કેવો રૂપાળો છું એ વર્ણવવાની તલમાત્ર ઇચ્છા નથી. જે માપથી હું મારું પોતાનું માપ કરવા ઇચ્છું છું અને જે માપ આપણે બધાએ પોતપોતાને વિશે વાપરવું જોઈએ, તે પ્રમાણે તો હું અવશ્ય કહું કે,

મો સમ કૌન કુટિલ ખલ કામી ?
જિન તનુ દિયો તાહિ બિસરાયો
ઐસો નિમકહરામી।

કેમ કે, જેને હું સંપૂર્ણ વિશ્વાસપૂર્વક મારા શ્વાસોચ્છ્વાસનો સ્વામી ગણું છું, જેને હું મારા નિમકનો દેનારો ગણું છું તેનાથી હજીયે હું દૂર છું, એ મને પ્રતિક્ષણ સાલે છે. એના કારણરૂપ મારા વિકારને હું જોઈ શકું છું. પણ એને હજીયે કાઢી શકતો નથી.

પણ હવે બસ થયું. પ્રસ્તાવનામાંથી હું પ્રયોગની કથામાં ન ઊતરી શકું. એ તો કથા – પ્રકરણોમાં જ મળશે.

આશ્રમ, સાબરમતી —શ્રીમોહનદાસ કરમચંદ ગાંધી
માગશર સુ. ૧૧, સં. ૧૯૮૨

।। 'પ્રકાશના પંથે'ની પ્રસ્તાવના ।।

(કથાનું પ્રયોજન અને પ્રારંભ)

જે પોતાને ધાર્મિક કે ઈશ્વરપરાયણ માને છે કે મનાવે છે તેમનામાંના પણ બહુ જ થોડા, સત્ય ધર્મનું પાલન કરીને, જીવનને ઈશ્વરપરાયણ બનાવવા ને ઈશ્વરનો સાક્ષાત્કાર કરવા સાચા અર્થમાં પ્રયાસ કરે છે. સાધારણ માણસને જેટલી ઘરમાં, રોટીમાં, ધન ને વૈભવમાં, શારીરિક સુખમાં, દારૂ, શરાબ, જુગાર ને પત્તાં જેવી રમતોમાં, યંત્રોમાં, વીજળીમાં, ને જાહેર અભિપ્રાયોમાં કે લોકમતમાં શ્રદ્ધા છે તેટલી શ્રદ્ધા ઈશ્વર, ધર્મ, અને આત્મોન્નતિની વાતોમાં નથી. એવે વખતે આ કથાની રચના થાય છે. જીવનને પૂર્ણ, મુક્ત ને પ્રભુમય બનાવવા માટે થયેલી સાધનાની કથા કેટલાક બુદ્ધિજીવી કે બુદ્ધિ પર જ નિર્ભર રહેતા માણસોને કેંક અચરજમાં મૂકી દેશે, કેટલીક વાર તેમની પ્રસન્નતામાં વધારો પણ કરી મૂકશે. કોઈ એવી વાતો અને એવા પ્રસંગો પણ તેમની સામે રજૂ થશે. પણ કથા આખીયે પ્રામાણિક કે વાસ્તવિક છે એ વાતને યાદ રાખવાથી આશા છે કે બધી જાતનાં માણસોને આમાંથી કંઈ ને કંઈ ઉપયોગી સામગ્રી અવશ્ય મળી રહેશે. જીવનને પ્રભુપરાયણ કરવાની ઇચ્છાવાળા માણસો કે પ્રકાશને પંથે પ્રવાસ કરનારા સાધકોને સાધનાના નાનાસરખા ઇતિહાસ જેવી આ કથામાંથી, જીવનવિકાસને માટે મદદરૂપ એવી ભરપૂર સામગ્રી મળી રહેશે એ નક્કી છે. પથભ્રાંત કે હતાશ થયેલા સાધકોને આમાંથી માર્ગદર્શન ને નવજીવનની સુખદ સામગ્રી સાંપડશે. સંસારના આધ્યાત્મિક વારસામાં એ રીતે થોડોઘણો પણ વધારો થશે તો લેખનનો પરિશ્રમ કેંક અંશે સાર્થક થયેલો મનાશે.

મારે પોતાને માટે તો આત્મકથાનો અક્ષરદેહે આલેખાયેલો ક્રમ

જુદાં જુદાં તીર્થોની એક સળંગ, વિરાટ, મહામૂલ્યવાન યાત્રા જેવો છે. તેની સ્મૃતિ અત્યંત ઉપકારક છે. કપાઈ ચૂકેલા યાત્રાના વિશાળ માર્ગનો વિચાર કરીને જેમ યાત્રી સંતોષ ને ઉલ્લાસનો અનુભવ કરે તેવી મારી દશા છે. નાનપણથી મને રોજનીશી લખવાની ટેવ હતી. તે ટેવ ઉપકારક લાગવાથી લાંબા વખત સુધી ચાલુ રહી. એટલે જીવનનું અવલોકન કરીને તેનું શબ્દોમાં સરવૈયું કાઢવાની મારી પ્રિય પ્રથા, ઈશ્વરની પ્રેરણાનો પુરસ્કાર પામીને જાણે કે આ આત્મકથાના રૂપમાં પરિણમી રહી છે. એ પરથી કોઈએ એમ ન સમજવાનું કે વીતી ગયેલા જીવનની બધી જ વાતો આ આત્મકથામાં સમાવી લેવામાં આવી છે. અહીં તો જે વાતો લખવા જેવી લાગી તે જ લખેલી છે. સાધનાના પ્રદેશમાં થયેલા અનુભવોમાંના પણ થોડા ઘણા જ, જે જાહેર કરવા ઠીક લાગ્યા છે તે જ, જાહેર કર્યા છે. આત્મકથા લખનારે પોતાના જીવનની બધી જ કથા લખવાની નથી હોતી. પણ પોતાના જીવનની જેવી ઉપયોગી કથા લખવાની કે કહેવાની હોય છે. એ વિચારનો મેં શરૂઆતથી જ સ્વીકાર કર્યો છે. છતાં આ કથા મારા જીવનની લગભગ સમગ્ર કથા બની રહે છે એ પણ નક્કી છે.

આ કથામાં મોટે ભાગે આધ્યાત્મિક જીવનના જ તાણાવાણા જોવા મળે તો તેથી કંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. મારું આજ સુધીનું જીવન જ આધ્યાત્મિક છે. આત્મિક ઉન્નતિને માટે જ તેનો ઉપયોગ થયો છે. તેની કથા આત્મિક ઉન્નતિ માટેની સાધનાની જ કથા છે. એટલે આ આત્મકથામાં મોટે ભાગે બીજું આવે પણ શું ? બીજાની આશા પણ શી રીતે રાખી શકાય ? આપણે ત્યાં કહેવત છે કે કૂવામાં હોય તે હવાડામાં આવે. તે જ પ્રમાણે જે જીવનમાં છે તે જ કથામાં છે. જે હૈયે તે જ હોઠે છે. બગીચો જ આખો ગુલાબનો છે. તો તેમાંથી ગુલાબ સિવાયનાં બીજાં ફૂલો કેવી રીતે મળી શકવાનાં છે ? આંબા પર કેરી વિના

બીજું કયું ફળ થઈ શકવાનું છે ? નદીની પાસેથી નિર્મળ નીર વિના બીજી કયી વસ્તુની આશા રાખવાની છે ? રાજનીતિજ્ઞનું જીવનવૃત્તાંત રાજનીતિની વાતોથી જ મોટે ભાગે ભરેલું હોય છે. સૈનિકનું વૃત્તાંત સેના, શૂરવીરતા અને સંગ્રામની વાતોથી મઢેલું હોય છે. એવી રીતે એક સાધક કે આધ્યાત્મિક પંથના પ્રવાસીની જીવનકથામાં આધ્યાત્મિકતા અને સાધનાની વાતો વિના બીજું શું હોય ? બીજું કાંઈ હોય તો પણ મોટે ભાગે તો તે જ હોય એ સમજી શકાય તેવું છે. રસિયા અને જિજ્ઞાસુ વાચકો તેમાંથી રસ મેળવી લેશે એવી આશા છે.

કેટલાક માણસો એમ માને છે કે આધ્યાત્મિક અનુભવો કે સાધનોની ગુહ્ય વાતોને જાહેર કરવાનું કામ ઠીક નથી. તેવી વાતો તો અનુભવી માણસના પોતાના પૂરતી ગુપ્ત રહે ને સચવાઈ રહે તે જ બરાબર છે. આ માન્યતા આપણે ત્યાં સારી પેઠે પ્રચલિત છે ને કેટલેક અંશે સારી પણ લાગે છે પણ તેને પકડીને બેસી રહેવાનું કામ કાયમને માટે બરાબર લાગતું નથી. સાધનાની ગુહ્યતામાં માનનારા સંતોએ પોતાના અનુભવની વત્તીઓછી વાતો માનવજાતિના મંગલ માટે પોતાના ભક્તો પાસે રજૂ કરી છે. તે પાછળથી જાહેર પણ થઈ છે. કેટલીક વાતો તેમણે પોતે લખી કે વર્ણવીને ગ્રંથાકારે પ્રસિદ્ધ કરી છે. ઈશુ, બુદ્ધ, રામકૃષ્ણદેવ, રમણ મહર્ષિ અને અરવિંદ જેવા સંતોની એવી કેટલીય વાતો જાણીતી છે. તેથી માનવજાતિનું મંગલ જ થયું છે. હજારો લોકોને તેમાંથી સમય સમય પર પ્રેરણા મળી છે ને બીજા લાખો કે કરોડોને તેમણે પ્રકાશ પહોંચાડ્યો છે. આત્મોન્નતિ અને ધર્મપરાયણતાની જ્યોતિને જલતી રાખવામાં તેમણે ખૂબ જ મહત્ત્વનો ફાળો આપ્યો છે. કેટલાય મૃતઃપ્રાય માણસોના જીવનમાં તેમણે પ્રાણ પૂર્યો છે. એટલે એવી બીજી અનુભવકથાઓ પ્રસિદ્ધ થાય તો તેનું પરિણામ એકંદરે સારું જ

આવશે. સંસારને તેથી લાભ જ થશે. ધર્મ અને ઈશ્વરની શ્રદ્ધાને જીવતી રાખવામાં અને આત્મિક પંથના પુણ્ય પ્રવાસીઓને પ્રોત્સાહિત કરવામાં તે ખૂબ જ મદદરૂપ સાબિત થશે.

છતાં આ વાત રુચિની અને ઈશ્વરી પ્રેરણાની છે. કોઈની રુચિ હોય ને ઈશ્વરી પ્રેરણાનું પીઠબળ મળવાથી તે જો પોતાના અનુભવની વાતો લખે તો તેમાં કંઈ ખોટું નથી. જે ઈશ્વરી પ્રેરણા પ્રમાણે ચાલે છે તેણે બીજી ચિંતા કરવાની જરૂર નથી. હા, એક વાત તરફ આપણે સાધકોનું ધ્યાન ખેંચીશું કે પોતાની અનુભવવાતોને પ્રકટ કરવાની પાછળ ધનપ્રાપ્તિનો કે કીર્તિની કમાણીનો કોઈ ક્ષુદ્ર હેતુ ન હોવો જોઈએ. અત્યંત શુદ્ધ ભાવે, બીજાને મદદરૂપ થવા માટે જ, પોતાની અનુભવવાતોની અભિવ્યક્તિ થવી જોઈએ. તેમ થાય તો કશી હરકત નથી. બાકી લોકોપવાદનો વિચાર કરીને બેસી રહેવાથી કંઈ નહિ વળે. લોકો તો એમ પણ કહે છે કે બધા અનુભવો ને બધી વિદ્યાને ગુપ્ત રાખવાની પદ્ધતિનો કડકપણે આધાર લેવાથી ઘણી વિદ્યાઓ અને અનુભવવાતો લુપ્ત થઈ ગઈ છે અને એવી રીતે સંસારે ઘણું ઘણું ખોયું છે. એટલે લોકોપવાદનો તો પાર નથી. સારો ને સાચો માર્ગ દિલને તપાસવાનો, ઈશ્વરની ઇચ્છાને જાણવાનો અને એનો અમલ કરવાનો છે. એ માન્યતાથી પ્રેરિત થઈને જ આ નાનકડી કથાની શરૂઆત કરી રહ્યો છું.

આ વખતની ગુજરાતયાત્રા દરમિયાન મારે અમદાવાદ રહેવાનું થયું. ત્યાં એક અમલદાર મળવા આવ્યા. તેમણે પરદેશમાં અભ્યાસ કર્યો હતો. તેમની સાથે કેટલીક વાતચીત થયા પછી તેમણે કહ્યું કે આપણે ત્યાં ભણેલા લોકોનો એક એવો વર્ગ છે જે ઈશ્વરને માનતો નથી, ઈશ્વરના સાક્ષાત્ દર્શનની વાતને સ્વીકારતો નથી, ને બીજા ઊંચી કોટિના કહેવાતા આધ્યાત્મિક અનુભવોને પણ તદ્દન પાયા વિનાના માને છે. તે

વિશે તમારું શું કહેવું છે ? શું તેમનું વલણ સાચું નથી ? આવા તર્કપ્રધાન યુગમાં પણ તમે ઈશ્વરને વળગી રહ્યા છો અને આ માર્ગે ચાલી રહ્યા છો એ શું આશ્ચર્યકારક નથી ?

મેં એમને ઉત્તર આપતાં કહ્યું કે મને તો તેમાં કંઈ જ આશ્ચર્યકારક લાગતું નથી. તમને લાગે તો ભલે, ઈશ્વર અને આધ્યાત્મિકતા વિશે જો શિક્ષિત કહેવાતા લોકોનું વલણ કે મંતવ્ય તમે કહો છો તેવું હોય તો તે સંબંધમાં કહેવું જોઈએ કે તે બરાબર નથી. શિક્ષિત લોકો સાચી શિક્ષા કે સમજથી દૂર છે એની તે પરથી સૂચના મળે છે. આપણે ત્યાં ઘણા માણસો એવા છે જેમને આધ્યાત્મિક સાધનાનો લેશ પણ ખ્યાલ કે અનુભવ નથી હોતો. છતાં પણ વખત આવે છે ત્યારે તે 'અમે પણ કાંઈક જાણીએ છીએ' એવું માનીને ચર્ચા, વિવાદને ઉપદેશ દ્વારા પોતાના મિથ્યા જ્ઞાનનું પ્રદર્શન કરવા સદાય તૈયાર રહે છે અને આધ્યાત્મિકતાને અન્યાય કર્યો છે એમના અભિપ્રાયોનું મહત્ત્વ પણ શું ? જેણે જીવનભર દાક્તરી વિશે કંઈ જાણ્યું જ ન હોય અથવા દાક્તરી કરી જ ન હોય તેવો માણસ દાક્તરી વિશે અભિપ્રાય કે સલાહ આપવા બેસે, તો તેના અભિપ્રાય ને તેની સલાહનું મહત્ત્વ કેટલું માની શકાય ? સંગીતને ન જાણનાર ને સમય આવતા કંટાળી કે સૂગ ચઢાવીને સંગીતથી દૂર ને દૂર રહેનાર માણસ સંગીતની કળા વિશે ને કાયદાને ન જાણનારા કાયદાના શાસ્ત્ર વિશે મનગમતો અભિપ્રાય આપવા માંડે તો તે મિથ્યા બકવાદ નહિ તો બીજું શું કહેવાય ? એવા બકવાદની કિંમત પણ કેટલી ? આધ્યાત્મિકતા અને સાધનાનું પણ એમ જ સમજવાનું છે. તે વિશે કોઈ નિશ્ચિત નિર્ણય પર પહોંચવાની ઉતાવળ કરતાં પહેલાં માણસે ખૂબ ખૂબ ધીરજ રાખવાની ને વિચારણા ચલાવવાની છે. તે ઉપરાંત વધારે મહત્ત્વની વાત તો એ છે કે તેણે શક્તિ પ્રમાણે પોતાની મેળે

સાધના કરવાની છે. સાધના દ્વારા લાંબા કાળ સુધી ઈશ્વરપરાયણ બનીને અનુભવી પુરુષોના આદેશાનુસાર પોતાની જાતનું ઘડતર કરવાનું છે. તે પછી જ જરૂર પડે તો મોં ઉઘાડવાનું છે. તે વખતે તે સ્વાનુભવથી સંપન્ન હોવાથી તેની વાણીમાંથી જે ઝરશે તે સત્ય જ હશે. તે બીજાને માટે પ્રેરણાદાયક સાબિત થશે. સાધના કરતાં કરતાં પણ જ્યાં સુધી ધ્રુવપદે પહોંચાય કે સિદ્ધિ ના સાંપડે ત્યાં સુધી મૂંગે મોઢે સતત પ્રયાસ કરતા રહેવાનું છે. પોતાની ત્રુટિને લીધે કેટલીક વાર માણસને સારા ઈશ્વરવિષયક અનુભવો નથી થતા ને સિદ્ધિનો માર્ગ પ્રકાશિત કરવાને બદલે તે ઈશ્વર અને સાધનાને જ મિથ્યા માનવા-મનાવવાની ભૂલમાં કેટલીક વાર પડી જાય છે. એ એક મોટું ભયસ્થાન છે ને તેનાથી સાવધ રહેવાની આવશ્યકતા છે. સ્વાનુભવો સિવાયના માણસો શિક્ષિત હોય તો પણ તેમના અભિપ્રાયનું વજન કેટલું ? તેમના કરતાં લાંબા વખતના અનુભવ પછી જેમણે તે વિષયો પર અભિપ્રાયો આપ્યા છે તેમનું વજન વધારે છે અને તે વધારે સાંભળવા જેવા, સ્વીકાર્ય ને સાચા છે.

મારા જવાબથી તે ભાઈને રાહત મળી અને આનંદ થયો. જીવનમાં વરસોથી હું સાધનાના માર્ગે સફર કરું છું. ઈશ્વરનું શરણ લઈને વરસોથી એના એક નમ્રાતિનમ્ર શરણાગત શિશુ તરીકે આગળ વધું છું. તે દરમિયાન મને અનેક અનુભવ થાય છે ને ઈશ્વરની કૃપાનો લાભ પણ મળ્યો છે. તેવા સ્વાનુભવમાંથી જ મારી શ્રદ્ધા ને સમજશક્તિ ઉત્પન્ન થઈ છે. આ તર્કવાદના જમાનામાં, તર્કને નેવે મૂક્યા વિના, ઈશ્વરનું શરણ લઈને ઈશ્વરની સાથે હું પ્રેમના અતૂટ દોરથી બંધાઈ ગયો છું.

બાકી તો પરમ પ્રકાશના પાવન પંથના પ્રવાસની કથા પોતે જ કહેશે.

———❀——— —શ્રીયોગેશ્વરજી

।। મહાત્મા ગાંધીજી : જીવનનો કલાધર ।।

મહાત્મા ગાંધીજીની નિરંતર કર્મધારાનો આખાયે રાષ્ટ્રીય જીવન પર ઘેરો પ્રભાવ પડ્યો. એવું કોણ હતું હિન્દુસ્તાનમાં જે તે વખતે ગાંધીજીની બહાર જીવી શક્યું ? એ વખતના તરંગમાં અમે સહુ ઊંચકાયા હતા. એ અમારી નહિ, યુગની ઊંચાઈ હતી.

એમનો જન્મ થયો ત્યારે ભારત અને દુનિયા માટે દીવો પ્રગટ્યો. ભારતમાતાની કૂખ સબળી છે. રામમોહન રાયથી માંડીને અનેક મહાનુભાવ વ્યક્તિઓ અહીં પાકી. ભારત જ્યારે દબાયું હતું, એના પર ભીંસ હતી. એના શીલની કસોટી હતી, ત્યારે કેવી કેવી વ્યક્તિઓ બહાર આવી છે ? જાણે એક નક્ષત્રમાળા પ્રગટી. એને માટે તો નવું આકાશ જોઈએ.

પણ એ બધામાં ગાંધીજી જુદા તરી આવે છે. એક એક ગુણ લઈ ગોતવા જઈએ, તો તમને એ ગુણ બીજાઓમાં વધારે ખીલેલા જોવા મળશે. વિદ્વત્તા, બુદ્ધિશક્તિ, મુત્સદ્દીગીરી, શબ્દશક્તિ — આ બધા જ ગુણો છૂટાછવાયા બીજા ઘણામાં વધુ માત્રામાંયે જોવા મળશે. પણ આ બધા જ ગુણો એકમાં ભેગા થઈ જે સકળ પુરુષ થાય છે, તે દુનિયામાં વારંવાર જોવા મળતો નથી.

જન્મ્યા ત્યારે તો બીજાં બધાં બાળકો જેવા જ સામાન્ય બાળક હતા. તેમાંથી આ વિભૂતિ થઈ કેવી રીતે ? એમણે પોતાની જાતને કેવી રીતે ઘડી ? આ ઘડતર દ્વારા બાપુએ મનુષ્યજાત આગળ જીવન જીવવાનું વ્યાકરણ રમતું મૂક્યું છે. તેમાં એકડો છે, સત્ય. પછી બીજું બધું તેમાં ઉમેરાય છે. પોતે ભૂલ કરતા,

પણ તે સ્વીકારવાની શક્તિ એમની અજબ હતી. દેશભરમાં મોટું આંદોલન ચાલતું હોય, તેની વચ્ચેય હિમાલય જેવી ભૂલનો એકરાર કરી દેતાં તેઓ અચકાય નહિ. ગાંધીઇરવિન કરાર થયા. તેના અર્થઘટન અંગે કંઈક ભાંજગડ ઊભી થઈ. ત્યારે વાઈસરૉયે કહ્યું કે ગાંધીને પૂછો. સામા માણસનેય કેટલી હૈયાધારણ હશે ! કેટલો વિશ્વાસ હશે કે આખા દેશનું સ્વરાજ્ય મળતું હોય, તોયે આ માણસ કદી ખોટું નહિ બોલે !

*

માનવજાતિને અનેક મહાન શિક્ષકો મળ્યા છે, અને મળશે પણ. ગાંધીજીની વિશેષતા હોય તો તે એ કે "હું મથામણ કરવાવાળો સામાન્ય જીવ છું"—એમ સ્ખલનશીલ સાધકની પેઠે એ માનવજાતિ આગળ રજૂ થાય છે, અને ધીમે ધીમે જીવનનાં અંતિમ મૂલ્યો સાથે સમરૂપ થવા કરતા દેખાય છે. એથી દરેક માણસને સાધનામાર્ગે ડગલું માંડવા પ્રેરણા મળે એવું છે.

ડૉ. હરિપ્રસાદ દેસાઈ એક વાત કહેતા. આફ્રિકાથી નવાનવા આવેલા અને અમદાવાદમાં આશ્રમ સ્થાપીને રહેતા 'ગાંધીસાહેબ' પાસે પોતે અવારનવાર જતા. એક વાર એમનાથી અહોભાવથી કહેવાઈ ગયું : આપના જેવા તો કેમ કરીને થવાય ? તરત જ ગાંધીજીએ જવાબ આપ્યો : કેમ ન થવાય ? એક દિવસ હું તમારા જેવો જ હતો. તમારામાં ને મારામાં કશો ફેર ન મળે. પણ એક બાબતમાં ફેર હશે : મને જે દિવસથી સમજાયું કે આ રીતે વર્તવાનું છે તે દિવસથી—તે ઘડીથી હું એ રસ્તે ચાલવા માંડ્યો.

એ પોતે મોહનદાસમાંથી મહાત્મા બન્યા. સામાન્ય માણસ પણ કેટલો આગળ વધી શકે છે, તે પોતાના જીવન મારફત એ

બતાવી ગયા છે. અને આમ કરીને એમણે મનુષ્યજાતિ હંમેશ માટે મુશ્કેલીમાં મૂકી દીધી છે ! તમારા કોઈ બહાનાં, ગલ્લાંતલ્લાં ચાલવાનાં નથી. તમે ઉત્તમ ન થઈ શકો, તેવું એક પણ બહાનું ચાલવાનું નથી.

ગાંધીજી જીવનના કલાકાર હતા, જીવનના શિલ્પી હતા. માનવી પૂર્ણતા તરફ કઈ રીતે પ્રગતિ કરી શકે છે, તેનો ઉત્તમ નમૂનો એમના જીવનમાંથી સાંપડે છે.

ગાંધીજીની એક જગદ્‌ગુરુ તરીકેની દેણ હોય તો તે છે, એમણે જગત આગળ મૂકેલું જીવન જીવવા માટેનું વ્યાકરણ. માણસ સત્યને અનુસરતાં પોતાના જીવનમાં પ્રયોગો કરતો જાય, એ પ્રક્રિયામાં જ એને માનવબંધુઓની સેવા કરવાની તકો સાંપડે છે. પણ સૌ પ્રત્યે પ્રેમભાવથી, એટલે કે દરેકમાં રહેલા સત્ય પ્રત્યે પૂરા આદરભાવથી, એ વર્તતો હોય છે. એટલે માર્ગમાં, ખાસ કરીને એને પોતાને સહન કરવાનું ભલે આવે — સત્ય દુભાતું નથી, સર્વનું કલ્યાણ જ નીપજે છે.

આવી વ્યક્તિઓ જગદ્‌ગુરુપદને પામે છે, કેમ કે તેઓ પોતાની જાતને જીવનના છેલ્લા શ્વાસ સુધી કેળવતી હોય છે. એમનામાં જીવનભર કોઈ એક સ્થિર તેજરેખા દેખાતી હોય તો તે છે અવિચલ સત્યનિષ્ઠાની, અવિરત સત્યાચરણની.

ગાંધીજી આપણી વચ્ચે મનુષ્યદેહે ધર્મ વિચરતો હોય એ રીતે જીવન જીવી ગયા. અને તેમ છતાં ગાંધીજીએ ધર્મ વિશે કોઈ શાસ્ત્ર રચ્યું નથી. ગાંધીજીનો ધર્મવિચાર માત્ર શબ્દો દ્વારા પમાય એમ નથી. ધર્મનો શબ્દો દ્વારા પ્રચાર થઈ શકે, એ એમનાથી મનાતું નથી. ધર્મશ્રદ્ધા તો જીવનમાંથી મઘમઘવી જોઈએ, એ તો આપોઆપ જાતપ્રચાર કરતી હોય. હિંદુધર્મનું

તાત્પર્યદર્શન મારા આચરણ સિવાય બીજા કશા મારફત હું કરાવી ન શકું, એમ એ કહે છે. કોઈ શાસ્ત્રવચનના ચોકઠામાં ધર્મતત્ત્વને પુરાયેલું જોવાની ગાંધીજી ના પાડે છે, અને પોતાને સનાતની હિંદુ કહે છે તે પણ – અસ્પૃશ્યતા જેવા હિંદુધર્મ પરના મહાન ડાઘને ધોવામાં જિંદગી ખરચતા રહીને જ. તેઓ હિંદુધર્મને કોઈ સાંકડા સંપ્રદાયરૂપે જોતા નથી, પણ "એના ઉદરમાં સંસારની સર્વ વિભૂતિઓની પૂજાને સ્થાન છે," એમ કહે છે. સાચા હિંદુ તો જ બની શકાય જો સર્વધર્મસમભાવ, બલકે સર્વધર્મમમભાવ, કેળવી શકાય.

"જે ધર્મને વ્યવહારમાં ન લાવી શકાય, તે ધર્મ નથી' – એમ કહી તેઓ નીતિ પર ભાર મૂકે છે : "ધર્મ એટલે નીતિ, આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ." છેલ્લું વાક્ય અત્યંત અગત્યનું છે. સત્ય માટેની ઝીણી કાળજી ન હોય, હૃદય અપાર કરુણાથી ભીંજાયેલું ન હોય, ને નીતિ ઉપર ભાર મૂકવામાં આવે છે ત્યારે – તેમાંથી ક્યારેક આસુરી ક્રૂરતા પ્રગટવાનો સંભવ રહે છે.

એમ કહેવાય છે કે મુત્સદ્દી, બહારવટિયા અને સંતો સૌરાષ્ટ્રમાં વિશેષ પાકે છે. ગાંધીજીમાં આ ત્રણેય શક્તિ પૂર્ણ કળાએ ખીલેલી છે. એમની હૃદયની શક્તિ અપાર હતી. બુદ્ધિ શક્તિયે અત્યંત તીવ્ર હતી. ગાંધીજીમાં શ્રદ્ધા તો હતી જ. પણ સાથે સાથે બુદ્ધિથી પવિત્ર થયું છે એવું આચરણ પણ હતું. દરેક વસ્તુને બુદ્ધિગમ્ય બનાવી, વ્યવસ્થિત કરવી એવું એમનું કાયમી વલણ રહ્યું છે.

–શ્રી ઉમાશંકર જોશી

।। ગાંધીજીનો અદ્‌ભુત અનુભવ ।।

'ગાંધીગૌરવ' કાવ્યકૃતિના પ્રકાશન પાછળની પ્રેરણાનો ઈતિહાસ)

ઈ.સ.૧૯૭૦નું વરસ ગાંધીશતાબ્દી વરસ તરીકે ભારતભરમાં ઊજવવાનું નક્કી થયેલું. ભારતની બહારના દેશોમાં પણ એ દરમિયાન કેટલાક વિશેષ કાર્યક્રમો યોજવાનું વિચારાયેલું, મહાત્મા ગાંધીજીનું યોગદાન ભારત પૂરતું મર્યાદિત ન હતું. એમણે આપેલો ફાળો સમસ્ત સંસારને માટે મહત્ત્વનો હતો. એમનું મુખ્ય કાર્યક્ષેત્ર ભારત હતું એ સાચું હોવા છતાં એ પણ એટલું સાચું હતું કે એમની નજર સમસ્ત મહીમંડળ પર મંડાયેલી. ભારતમાં કરોડો દેશબાંધવોની મુક્તિ, ભક્તિ, શાંતિ તથા સમૃદ્ધિને માટે કરવામાં આવેલું એમનું કાર્ય ચક્રવર્તી અને ચિરસ્મરણીય હતું. એને લક્ષમાં લઈને એમને આદરપૂર્ણ અંજલિ આપવામાં આવે અને એમના વિરાટ વ્યક્તિત્વમાંથી ને કલ્યાણકાર્યમાંથી કાંઈ ને કાંઈ પ્રેરણા મેળવવામાં આવે એ ઉચિત અથવા આવકારદાયક હતું.

મેં પોતે પણ એમને મારી રીતે અંજલિ આપવાનો વિચાર કર્યો. ગાંધીજીના શરીરત્યાગ પછી કેટલેક વખતે મેં એમના જીવન અને કાર્યને અનુલક્ષીને 'ગાંધીગૌરવ' નામની કાવ્યકૃતિની રચના કરેલી. એનું આવશ્યક સંશોધન-સંવર્ધન કરીને અને એને અભિનવ રૂપ આપીને શતાબ્દી વરસ દરમિયાન એના પ્રકાશનનો મેં સંકલ્પ કર્યો. એ સંકલ્પને સાર્થક કરવાનો પ્રયત્ન પણ પ્રારંભી દીધો. દિવસોના એકધારા નિષ્ઠાપૂર્વકના પરિશ્રમ પછી શતાબ્દી મહોત્સવ વરસ પહેલાં જ

‘ગાંધીગૌરવ’ કાવ્યકૃતિની રચના પૂરી થઈ. એને માટે મેં ગાંધીજીને લગતાં કેટલાંય પુસ્તકોનો આધાર લીધો. અત્યંત અનુરાગ અને શ્રદ્ધાભક્તિથી મેં એની રચના કરી. રચના દરમિયાન અનેરો, અદ્‌ભુત, અવર્ણનીય આનંદ અનુભવ્યો. સંતશ્રેષ્ઠ તુલસીદાસજીના હૃદયમાં રામચરિતમાનસની રચના દરમિયાન જેવી રામભક્તિ હશે તેવી જ ગાંધીભક્તિથી ભરાઈને મેં એ કાવ્યકૃતિની રચના કરેલી. એ રચના દ્વારા એક અત્યંત આવશ્યક, આશીર્વાદરૂપ કાર્યને કરવાનો મને સંતોષ થયો.

મારી ઇચ્છા ‘ગાંધીગૌરવ’ની પ્રસિદ્ધિ શતાબ્દી વરસ દરમિયાન અને કોઈ ખ્યાતનામ પ્રકાશન સંસ્થા દ્વારા થાય એવી હતી, પરંતુ એ ઇચ્છાની પૂર્તિ ધાર્યા જેટલી સહેલી ન હતી. અંતરમાં ઊંડે ઊંડે વિશ્વાસ તો હતો જ કે જે પરમશક્તિએ એ સરસ કવિતા-કૃતિનું સર્જન કરાવ્યું છે એ એના પ્રકાશનનો પ્રબંધ પણ કરશે જ, તો પણ એને માટે બને તેટલો પ્રયત્ન તો કરવાનો જ હતો. એ પ્રયત્નમાં સફળ થવા માટે મેં પરમાત્માની પ્રાર્થના કરી. એ સંબંધી ગાંધીજીનું જ માર્ગદર્શન માગ્યું. એક ધન્ય દિવસે વહેલી સવારે ગાંધીજીએ મને અલૌકિક અનુભવ આપ્યો ત્યારે મને સંતોષ થયો.

‘તમને મારું ‘ગાંધીગૌરવ’ કાવ્ય ગમ્યું ?’ મેં એમને પૂછ્યું.

એમણે પ્રત્યુત્તર આપ્યો : ‘શા માટે ના ગમે ? ખૂબ જ ગમ્યું. મારે માટે આટલા બધા પ્રેમપૂર્વક બીજું કોણ લખે છે ? મને યાદ પણ કોણ કરે છે ? હું એથી ખૂબ જ પ્રસન્ન થયો છું.’

‘પરંતુ એને છાપશે કોણ ? કોઈક સારી સંસ્થા છાપે એવી મારી ઇચ્છા છે. વોરા કંપની છાપશે ?’

'ના. નહી છાપે.'

'આર. આર. શેઠની કંપની ?'

'એ પણ નહિ છાપે.'

'તો પછી કોણ છાપશે ?'

'નવજીવન કાર્યાલય જ છાપશે અને સારી રીતે છાપશે.'

'પરંતુ નવજીવન સંસ્થા તો ગદ્ય જ છાપે છે, પદ્યનાં પુસ્તકો નથી છાપતી.'

'છતાં પણ ત્યાં કોશિશ કરજો. એ છાપશે અને બહાર પાડશે.'

એ બાબત વિશેષ દલીલ કરવાનો કશો અર્થ ના હોવાથી એ વિષયને મેં ત્યાં જ પડતો મૂક્યો.

'ગાંધીગૌરવ' પ્રકાશન માટે વર્ષો પહેલાં, લગભગ ઈ.સ.૧૯૬૦માં મેં નવજીવનને પત્ર લખેલો. એ સંસ્થાની સૂચના અનુસાર એને એની હસ્તપ્રત પણ મોકલેલી. પરંતુ એ હસ્તપ્રત સંસ્થાની છાપવાની અશક્તિના શેરા સાથે પાછી આવેલી. ગાંધીજીએ આટલા બધા સમય પછી એ જ સંસ્થા પ્રકાશન સંસ્થા બનશે એવો સ્પષ્ટ નિર્દેશ કરીને એની સાથે પત્રવ્યવહાર માટે સંકેત કરેલો. તો પણ મેં મારી રીતે તપાસ કરવા વોરા કંપનીને અને બેત્રણ બીજી પ્રકાશન સંસ્થાઓને લખી જણાવ્યું. એ બધી પ્રકાશન સંસ્થાઓએ 'ગાંધીગૌરવ'ના પ્રકાશન માટે ના પાડી. હવે ગાંધીજીની પ્રેરણા પ્રમાણે એક નવજીવન સંસ્થાને જ લખવાનું શેષ રહ્યું.

'ગાંધીગૌરવ' વિશે ગાંધીજી સાથે જે વિશેષ વાર્તાલાપ થયેલો એનો ઉત્તરાર્ધ આ પ્રમાણે હતો :

''ગાંધીગૌરવ' વિશે કોઈની પાસે પ્રસ્તાવના જેવું લખાવું ?'

‘લખાવવું હોય તો કાકા કાલેલકર પાસે લખાવજો. એ સારુ લખશે.’

‘મોરારજી દેસાઈ પાસે કાંઈ લખાવું ?’

‘એ પણ લખી આપશે. લખાવજો.’

મેં નવજીવન સંસ્થા પર પત્ર લખ્યો. ‘ગાંધીગૌરવ’નો સંક્ષિપ્ત પરિચય કરાવ્યો. સંસ્થાના ટ્રસ્ટીએ ટૂંકમાં જણાવ્યું કે આ સંસ્થા કાવ્યોનું પ્રકાશન નથી કરતી. તમે મહાત્મા ગાંધીજી પર આટલું મોટું કાવ્ય લખ્યું છે તે જાણીને હર્ષ થાય છે. તમને હરકત ના હોય તો એની હસ્તપ્રત જોવા માટે મોકલી આપો.

એ ઉત્તરથી કેંક અંશે ઉત્સાહિત અને આશાવાદી બનીને મેં એમને હસ્તપ્રત મોકલી આપી.

એ દરમિયાન મેં કાકા કાલેલકરનો પત્ર દ્વારા સંપર્ક સાધીને એમની પાસે ગાંધીગૌરવ વિષે કશુંક લખી આપવાની માગણી કરી. એમણે કાવ્યોની પ્રસ્તાવના લખવાનું બંધ કરેલું અને એમની આંખની શક્તિ સારી ન હતી તો પણ હસ્તપ્રતને મંગાવીને પોતાનો અભિપ્રાય લખી મોકલ્યો. શ્રી મોરારજી દેસાઈએ પણ એમના અનેકવિધ વ્યવસાયમાં રત રહેવા છતાં પણ મારા પત્રના ત્વરીત પ્રત્યુત્તરમાં જણાવ્યું કે ‘ગાંધીગૌરવ’ જેમ જેમ છપાતું જાય તેમ તેમ મને એના છપાયેલા ફરમા મોકલશો તો મારો અભિપ્રાય લખી મોકલીશ.

નવજીવન પ્રકાશન પાસે મારી ‘ગાંધીગૌરવ’ની હસ્તપ્રત ત્રણેક મહિના સુધી સુરક્ષિત રહી. એ દરમિયાન એનું નામી કવિજન ને ગાંધીવાદી વિચારકોએ અવલોકન કર્યું. આર્થિક રીતે એનું પ્રકાશન અનુકૂળ રહેશે કે કેમ તે પણ વિચારવામાં આવ્યું.

છેવટે સંસ્થા તરફથી એને છાપવાનો નિર્ણય કરવામાં આવ્યો. મને એ નિર્ણયથી આનંદ થાય એ સ્વાભાવિક હતું. ગાંધીજીની ઇચ્છા તથા પ્રેરણાનો વિજય થયો. મહાપુરુષોના સંકેતો સદા સાચા પડે છે. એ સ્થૂળ સ્વરૂપે વસતા હોય કે સૂક્ષ્મ સ્વરૂપે શ્વાસ લેતા હોય તો પણ એમના ઉદ્‌ગારો મિથ્યા નથી થતા.

શ્રી મોરારજી દેસાઈએ લખેલ આમુખ સુયોગ્ય સમયે આવી પહોંચ્યો. 'ગાંધીગૌરવ' ગાંધીશતાબ્દી દરમિયાન જ બહાર પડ્યું તેથી મારી પ્રસન્નતાનો પાર રહ્યો નહિ.

નવજીવન પ્રકાશનના મેનેજિંગ ટ્રસ્ટીએ એક વાર વાતવાતમાં મને જણાવ્યું, 'ગાંધીગૌરવ'ના પ્રકાશનનો નિર્ણય લેતાં પહેલાં અમે સ્વાભાવિક રીતે ખૂબ ખૂબ વિચાર કરેલો. એને આટલો બધો સારો આવકાર મળશે એની કલ્પના પણ નહોતી. વિદ્વાનોએ એની ખૂબ જ પ્રશંસા કરી છે અને વિવેચકોએ એના પર સરસ વિવેચનલેખો લખ્યા છે. સાહિત્ય અને કવિતાની દૃષ્ટિએ એની રચના ઘણી સુંદર અને ઊંચી કોટિની થઈ છે.

એનાથી અધિક સંતોષ બીજો કયો હોઈ શકે ? એના પ્રકાશન પાછળની પ્રેરણાના પ્રામાણિક ઈતિહાસનું આલેખન કરતાં આજે આટલાં વરસો પછી પણ મારું અંતર અવનવા ભાવોનો અનુભવ કરે છે.

—શ્રીયોગેશ્વરજી

।। માતાજીનો લીલાસંવરણ પ્રસંગ ।।

માતાજીનું મન સંપૂર્ણ શાંત હતું. એમને દુનિયાના કોઈ પણ પદાર્થની મમતા કે આસક્તિ નહોતી. કોઈ લૌકિક પારલૌકિક ઇચ્છા પણ નહોતી રહી. એ કહેતાં કે જગતમાં કોઈ કોઈનું નથી. ઈશ્વર જ સત્ય છે. હું મારા ભગવાનની પાસે છું એટલે મને કશી ચિંતા નથી. નિરાંત છે. હું ઠેકાણે છું.

એમની ખબર કાઢવા આવેલાં તારાબેનને એમણે કહ્યું : મહાત્માજી જે કહે તે પ્રમાણે કરવું. એ જે કરતા હોય તેમાં શંકા કરવી નહિ. એ જે કરતા હોય છે તે સારું જ કરતા હોય છે.

'મા' સર્વેશ્વરી તરફ અંગુલિનિર્દેશ કરીને કહ્યું : એ પણ મારી દીકરી જ છે. એણે મારી ખૂબ જ પ્રેમથી સેવા કરી છે. એવી સેવા તો પેટની દીકરીય ના કરે. એણે મારું મેલું ઉઝરડ્યું છે.

મારી એવી તો સરસ સેવા કરે છે કે વાત નહિ. જ્યારે જોઈએ ત્યારે હસતી જ હોય. કોઈ પ્રકારનો કંટાળો નહિ. કોઈ અણગમો નહિ.

માતાજીને 'મા' સર્વેશ્વરી વગર ગમતું નહિ. એ પ્રતિપળ પોતાની પાસે જ રહે એવી એમની ઇચ્છા હતી.

છેલ્લા દિવસોમાં 'મા' સર્વેશ્વરીને માટે માતાજી જે જુદાં જુદાં સંબોધનો કરતાં તે ખૂબ જ અવનવીન, રસપ્રદ, આશ્ચર્યકારક અને એમના અંતરના ઊંડા પરમ પવિત્ર પ્રબળતમ પ્રેમભાવનાં પરિચાયક હતાં. એ સંબોધનો કે શબ્દપ્રયોગોને સાંભળીને લાગતું કે એ સંબોધનો કે શબ્દપ્રયોગો માતાજી નથી કરતાં કિન્તુ એમની અંદર પ્રગટેલાં 'મા' જગદંબા પોતે કરે છે. એ કોઈ સામાન્ય માનવનું કાર્ય નહોતું. એ 'મા' સર્વેશ્વરીને આવાંઆવાં અલૌકિક નામે મોટેથી બોલાવતાં : ડાહલી; સુરભિ. લટકુડી, ટકુડી, સરુડી. રાધી. મારી રાધી ક્યાં ગઈ ? ડાહી.

'મા' સર્વેશ્વરીએ માતાજીની મન મૂકીને સાચા દિલથી સુદીર્ઘ સમય સુધી મારી સાથે રહીને સેવા કરી, તો માતાજીએ પોતે પણ પ્રસન્ન થઈને એમની ઉપર પોતાના પ્રેમનો વરસાદ વરસાવ્યો. સર્વેશ્વરી માતાજીના પગ દબાવે, એમના શરીરે તેલ લગાડે, ત્યારે કેટલીયવાર માતાજી પરમપ્રસન્ન અને ભાવવિભોર બનીને એમના ગળે હાથ વીંટે અને ભેટે એ દૃશ્ય અલૌકિક અને જોવા જેવું હતું. કેટલાક બડભાગી દર્શક એથી ભાવવિભોર તથા મંત્રમુગ્ધ બની જતા ને પોતાને પરમ સૌભાગ્યશાળી સમજતા. માતાજીએ એવે વખતે સર્વેશ્વરીને અવારનવાર કહેલું કે તું મારી સાથે જ રહેશે. મને છોડીને જઈશ નહિ.

એકવાર એમણે જણાવ્યું. હવે ડૉક્ટરની જરૂર નથી. બધા અહીં શા માટે આવે છે ? મને શાંતિથી એકલી પડી રહેવા દો. આજથી પાંચમે દિવસે અહીંથી નીકળીશું. જઈશું.

સર્વેશ્વરીને કહ્યું : દીકરી, તેં મારી ખૂબ જ સેવા કરી. ઈશ્વર તને સુખી કરે. તું મારી સાથે જ રહેજે. તમે સાથે જ રહેજો.

એ એમના અંતિમ ઉદ્‌ગારો હતા.

એ પછીના છેલ્લા ત્રણ દિવસ એમનું બાહ્ય ભાન જતું રહ્યું. એ અચેતાવસ્થામાં—સમાધિદશામાં ડૂબી ગયાં.

'મા'ની કૃપાથી મને પૂર્વમાહિતી મળી ચૂકેલી કે એમનું શરીર હવે નહિ રહે.

તા.૪/૧૦/૧૯૮૦ શનિવાર ભાદરવા વદ અગિયારસ. જગદંબાએ મને એ દિવસે સવારે ફરીવાર જણાવી દીધું કે માતાજીના જીવન પર આજે સવારે જ પડદો પડી જશે. મારી આંખ ભરાઈ ગઈ. 'મા' સર્વેશ્વરી પણ રડવા લાગ્યાં. છેવટે પરિસ્થિતિની વાસ્તવિકતાને વિચારીને અમે મનને મક્કમ કર્યું. મારી સૂચના પ્રમાણે સમયને બચાવવા માટે સર્વેશ્વરીએ પ્રથમવાર જ ત્યાં બાથરૂમમાં સ્નાન કર્યું. પછી અમે માતાજીને

ગંગાજલ તથા કોલન વોટરથી સ્નાન કરાવ્યું, કપડાં બદલાવ્યાં. એમના શરીરે પાઉડર છાંટ્યો. એમને દૂધ પાયું. દવા આપી. એમણે મળત્યાગ કર્યો તે સાફ કર્યો. અને એમના સ્વર્ગવાસના સમાચાર તાર તથા ટેલિફોનથી આપવા માટેની સૂચિ બનાવી. એ પછી અમારો સામાન તૈયાર કર્યો. માતાજીનાં કપડાં, સ્લીપર, દવાદિ હૉસ્પિટલમાં આપવાની તૈયારી કરી. સવારે આઠ વાગ્યા સુધીમાં એવી રીતે સંપૂર્ણ સજ્જ થઈને અમે માતાજી પાસે બેસી ગયાં. નવ વાગ્યા પછી નારાયણભાઈ તથા તારાબેન આવી પહોંચ્યાં. ડૉક્ટર ભટ્ટ પણ આવ્યા. એ જ વખતે લગભગ સવારે સવા નવ વાગે માતાજીએ છેલ્લો શ્વાસ લઈને પોતાની જીવનલીલાને સંકેલી લીધી. પોતાના પાર્થિવ તનુનો પરિત્યાગ કર્યો. ડૉક્ટરે કૃત્રિમ શ્વાસ આપવાનો પ્રયત્ન કરી જોયો કિન્તુ વ્યર્થ.

ડૉક્ટર ગઢવી સત્વર આવ્યા ને કરુણ સ્વરે બોલ્યા : દુઃખ એટલું જ છે કે સારવાર કરવામાં કચાશ ના રાખવા છતાં પણ અમે એમને બચાવી ના શક્યા. આખરે જે ઈશ્વરે ઇચ્છેલું તે જ થયું.

અમે કરેલી પૂર્વતૈયારીથી સૌ નવાઈ પામ્યા.

એકાદ-બે કલાક પછી માતાજીના શરીરને મોટરમાં સુવાડી, એમના પગને મારા ખોળામાં રાખી, 'મા' સર્વેશ્વરી તથા તારાબેન સાથે આંસુ છલકતી આંખે અમે ઉતારા પર આવ્યાં. માતાજીના શરીરને એમના રૂમની અંદર એ જ પલંગ પર સૂવાડી દીધું.

દર્શનાર્થીઓ ઉમટવા લાગ્યા.

'મા' સર્વેશ્વરીએ ત્યાં ગીતા, વિષ્ણુસહસ્રનામ, શિવમહિમ્નસ્તોત્રના પાઠ કરવા માંડ્યો.

ધૂન બોલાવી. પ્રાર્થના કરી.

બીજે દિવસે પાંચમી તારીખે રવિવારે સવારે સાત પછી સ્મશાનયાત્રા શરૂ થઈ. માતાજી સંસારી જીવ નહોતાં. સાધ્વી, તપસ્વિની, જીવનમુક્ત યોગિની હતાં. સામાન્ય સંસારી માનવની જેમ એમની સાથે મરણોત્તર વ્યવહાર કરવાનો ના હોય. એમના મૃત શરીરને બાંધવાનું ના હોય. એની નનામી ના હોય. એને ચાર કે વધુ માણસોએ ઊંચકવાનું ના હોય. એની સાથે તો સંતને છાજે તેવો ભાવભરેલો ગૌરવપૂર્વકનો વ્યવહાર કરવાનો હોય. એટલા માટે જ મેં એમની નનામી ના થવા દીધી. એમને માટે પાલખી તૈયાર કરાવી. પરંતુ પાછળથી પાલખીનો વિચાર કૃત્રિમ લાગતાં, એમના શરીરને સુમનોથી સજાવીને મોટી ખુલ્લી ટ્રક કે જીપગાડીમાં સુવાડવામાં આવ્યું. બીજે દિવસે પણ માતાજીના હાથપગ એવા જ વળતા હતા. મુખાકૃતિ પણ સહેલાઈથી હાલતી હતી. સ્મશાનના આખા રસ્તે 'મા' સર્વેશ્વરીએ

જય જય જય જ્યોતિર્મયી માત
જય જય જય તપસ્વિની માત.
વંદુ તુજને વારંવાર.

ધૂન અંતરના ઊંડાણમાંથી ભારે હૈયે સંવેદનપૂર્વક બોલાવી.

'મારા શરીરને બ્રાહ્મણ સિવાય કોઈ ના અડે' માતાજીની એવી ઇચ્છા હતી. એમની એ ઇચ્છાને અમે પૂરી કરી. સિંધી ભાઈઓના નાનકડા સુંદર પવિત્ર વાયુમંડળવાળા સ્મશાનમાં માતાજીના શરીરને અગ્નિદાહ આપવામાં આવ્યો ત્યાં સુધી 'મા' સર્વેશ્વરી સાથે હું ત્યાં ઊભો રહ્યો. મારા સમસ્ત જીવનની એ પ્રથમ સ્મશાનયાત્રા હતી.

–'પ્રકાશના પંથે' ભાગ–૨

(શ્રીયોગેશ્વરજી)

।। માતાજીવિષયક કાવ્ય : અમર જીવન ।।

જ્યોતિની મદદથી જ્યોત જાગી ગઈ
મંદિરે અંધકારે અનેરી,
લીન પાછી થઈ મૂળ એ જ્યોતમાં
સ્થિરતાથી પ્રકાશી ઘણેરી.
વીચિમાળા થઈ શાંત અર્ણવમહીં
ભિન્ન ભાસી છતાંયે અભિન્ન,
સ્વલ્પ ક્રીડા કરી હર્ષ ઉત્તમ ધરી
શાંતિ પામી બનીને વિલીન.
અગ્નિજવાળા થકી દીપ્ત અંગારની
સૃષ્ટિ સુંદર થઈ સહજ ન્યારી,
અગ્નિજવાળામહીં તે સમાઈ ગઈ
સૂર્યનાં કિરણ જ્યમ સૂર્યમાંહી.
જ્યોતમાંથી થઈ જ્યોત જ્યોતે મળી
માત જ્યોતિર્મયી એ તમારી;
અન્ય દુનિયા થકી પધારી પાછાં ફર્યાં.
ત્યાં જ દુનિયા તજીને અમારી.
વીચિશાં સિંધુમાં અગ્નિઅંગારશા
રશ્મિશાં સૂર્યકિરાં પ્રતાપી,
પદ્મ ખીલ્યું હસી પાંખડી બે ઘડી
ને થયું બંધ સંધ્યા નિહાળી.
મૃત્યુ એને કહ્યું અજ્ઞ કોઈજને,
મૃત્યુને સ્થાન જીવનમહીં ક્યાં;
એક જીવન થકી અન્ય જીવનમહીં
પૂર્ણ પ્રજ્ઞા સજીને પ્રવેશ્યાં.
ચેતના ચેતના જિંદગી જિંદગી
સિંધુમાં મારતાં ત્યાં હલેસાં

—શ્રીયોગેશ્વરજી
('તર્પણ', કાવ્યસંગ્રહ)

॥ શહીદ બિસ્મિલની આત્મકથાનું એક હૃદયદ્રાવક પ્રકરણ ॥

(જન્મ : ૧૧/૬/૧૮૯૭ ● મૃત્યુ : ૧૯/૧૨/૧૯૨૭)

સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ...

- મૂળ નામ ઠાકુર રામપ્રસાદ તોમર
- બાળપણમાં મૌલવી પાસે ઉર્દૂ શીખ્યા
- ૧૮ વર્ષે 'મેરા જન્મ' શીર્ષકથી દેશભક્તિની કવિતા લખી
- હિંદી અને ઉર્દૂમાં કવિતાઓ લખી
- એક કરતાં વધુ ભાષામાં પુસ્તકોનું ભાષાંતર કર્યું
- જેલમાં રહીને આત્મકથા લખી

બિસ્મિલના જીવનમાં તેમની માતાએ જે છાપ છોડી તે આજીવન તેમના માટે પ્રેરણારૂપ બની. તેમણે પોતાની આત્મકથામાં માતા વિશે એવું શું લખ્યું કે જે વાંચીને આંખ ભીની થઈ જાય.

સ્થળ : ગોરખપુર જેલ

દિવસ : ૧૯ ડિસેમ્બર, ૧૯૨૭, સોમવાર

સમય : સવારે ૬.૦૦ વાગ્યાનો

'I WISH THE DOWNFALL OF BRITISH EMPIRE'—'હું બ્રિટિશ સામ્રાજ્યનું પતન ઇચ્છું છું.'

ફાંસીના ફંદે લટકતાં પહેલાં આ છેલ્લા શબ્દો બોલ્યા હતા ક્રાંતિકારી રામપ્રસાદ બિસ્મિલ. તેમની સાથે ક્રાંતિકારી અશફાક ઉલ્લા ખાં, રાજેન્દ્રનાથ લાહિડી અને ઠાકુર રોશન સિંહને પણ ફાંસી અપાઈ હતી. ક્રાંતિની મશાલ લઈને ફરતા આ ક્રાંતિકારી શ્રેષ્ઠ કવિ અને શાયર પણ હતા. તેમણે ઉર્દૂ તેમજ હિંદીમાં અજ્ઞાત, રામ તેમજ બિસ્મિલ તખલ્લુસથી ઘણી કવિતાઓ લખી. જોકે, સૌથી વધુ પ્રસિદ્ધ થયા બિસ્મિલ નામથી.

ત્રીસ વર્ષના ટૂંકા આયુષ્યમાં જીવનના છેલ્લા ચાર મહિના અને દસ દિવસ ગોરખપુર જેલમાં વીતાવ્યા. અહીં તેઓ જેલની કોટડી નંબર—૭માં રહેતા હતા. એ સમયે આ કોટડી 'તન્હાઈ બેરેક' નામે જાણીતી હતી. હાલમાં આ કોટડીને બિસ્મિલનો રૂમ અને શહીદ પંડિત રામપ્રસાદ બિસ્મિલ બેરેક નામથી જાળવી રાખવામાં આવી છે.

જેલમાં રહીને પણ તેમણે ઘણી રચનાઓ લખી. જોકે, અંગ્રેજોએ બાળી દીધી. પોતાની આત્મકથા 'નિજ જીવન કી એક છટા' પણ તેમણે જેલમાં રહીને છાનામાના લખી. ફાંસીના ત્રણ દિવસ પહેલાં જ તેમણે પોતાની આત્મકથાનો છેલ્લો અધ્યાય પૂરો કર્યો હતો.

અંગ્રેજોની કરતૂત તેમને ખબર હતી અને એટલે જ ફાંસીએ લટકતાં પહેલાં બિસ્મિલે પોતાની આત્મકથા તેમને મળવા આવેલા એક પરિચિત પાસે બહાર પહોંચાડી દીધી હતી. ૧૯૨૮માં ગણેશ શંકર વિદ્યાર્થીએ 'કાકોરી કે શહીદ' નામે તેમની આત્મકથા છપાવડાવી. બિસ્મિલની આત્મકથાએ અંગ્રેજોના હોશ ઉડાવી દીધા. આ પુસ્તક વાંચ્યા પછી લોકોનો ક્રોધ વધુ ભભૂક્યો. આ આત્મકથાના માધ્યમથી આજે પણ રામપ્રસાદ બિસ્મિલ આપણા હૃદયમાં જીવે છે. આજે પણ આ આત્મકથા લોકોને પ્રેરિત કરે છે. આત્મકથાનો એક અંશ...

'મારી મા....

સાચું કહું તો મારી મા દેવી છે. મારામાં જે નીડરતા છે તે ગુણ મારી મા પાસેથી જ મને મળ્યો છે. માતા પાસેથી મને ખૂબ જ પ્રોત્સાહન મળ્યું અને સદ્‌વ્યવહાર પણ તેમની પાસેથી શીખ્યો. તેમણે શીખવેલા બોધપાઠને કારણે મારા જીવનમાં આવેલી તકલીફોના સમયે પણ હું મજબૂત બનીને ઊભો રહ્યો

અને ક્યારેય હિંમત ન હારી.

અગિયાર વર્ષની ઉંમરે મા લગ્ન કરીને શાહજહાંપુર આવ્યાં. એ વખતે તે ગામડાંની સાવ અભણ છોકરી જેવી હતી. શાહજહાંપુર આવ્યાંના થોડા દિવસ પછી દાદીમાએ તેમનાં બહેનને બોલાવી લીધાં. તેમણે મારી માને ઘરકામ શીખવ્યું. થોડા દિવસમાં મા બધું જ શીખી ગઈ અને રસોઈ પણ બનાવવા લાગી. મારા જન્મના પાંચ-સાત વર્ષ પછી તેણે હિંદી શીખવાનું શરૂ કર્યું. ઘરનું બધું કામ પૂરું કર્યા પછી સમય મળે ત્યારે મા ભણવા બેસતી.

મને જો આવી મા ન મળી હોત તો હું પણ અતિ સામાન્ય મનુષ્યોની માફક સંસારચક્રમાં ફસાઈને જીવન વીતાવી રહ્યો હોત. શિક્ષણ ઉપરાંત માતાએ મારા ક્રાંતિકારી જીવનમાં મને બધી જ રીતે મદદ કરી. મારા માટે માતાનો સૌથી મોટો આદેશ એ હતો કે કોઈનો જીવ ન લેવો. તેમનું કહેવું હતું કે શત્રુને ક્યારેય મૃત્યુદંડ ન આપવો. જોકે, તેમનો આદેશ પૂરો કરવા બે વાર મારે મારી પ્રતિજ્ઞા તોડવી પડેલી.

હે જન્મદાત્રી જનની ! આ જીવનમાં મને તારું ઋણ ચૂકવવાનો મોકો જ ન મળ્યો. આ જન્મ તો શું અનેક જન્મોમાં પણ આખું જીવન પ્રયત્ન કરું તોય મા તારું ઋણ ચૂકવી નહિ શકું. મા, તારા કારણે જ હું દેશસેવામાં જોડાઈ શક્યો. જે રીતે તું મને બોધપાઠ આપતી તે યાદ કરીને તારી મનમોહક છબી મારી આંખો સામે આવી જાય છે અને મારું મસ્તક તારી સામે ઝૂકી જાય છે. મા તું મને વઢતી તોય પ્રેમથી. હું ઉદ્ધતાઈથી જવાબ આપતો ત્યારે તું પ્રેમથી કહેતી કે તને જે ગમે તે કર, પણ એનું પરિણામ સારું નહિ આવે.

આ દુનિયામાં મને કોઈ સુખ કે સંપત્તિની લાલસા નથી. ફક્ત એક ઇચ્છા છે, શ્રદ્ધાપૂર્વક તારાં ચરણોની સેવા કરીને

મારા જીવનને સફળ બનાવી શક્યો હોત, પણ આ ઇચ્છા અધૂરી રહી જશે અને મા, તને મારા મૃત્યુના દુઃખદ સમાચાર સાંભળવા મળશે. મા, મને વિશ્વાસ છે કે તું આ સમયે પણ ધીરજ રાખીશ કે તારા દીકરાએ ભારતમાતાની સેવામાં પોતાના જીવનનું બલિદાન આપ્યું અને એણે તારી કૂખને ઉજાળી અને પોતાની પ્રતિજ્ઞા ઉપર મક્કમ રહ્યો.

મા, મને આશીર્વાદ આપ કે છેલ્લી ઘડીએ મારું હૃદય કોઈ પ્રકારે વિચલિત ન થાય અને તારાં ચરણસ્પર્શ કરીને પરમાત્માનું સ્મરણ કરતો કરતો આ શરીરનો ત્યાગ કરું.

બિસ્મિલના બલિદાનનો ઉલ્લેખ ભગતસિંહે ક્યાં કર્યો હતો ?

બિસ્મિલના બલિદાનથી આઘાત પામેલા ક્રાંતિકારી ભગતસિંહે જાન્યુઆરી ૧૯૨૮ના કિરતી (પંજાબી માસિક)માં 'વિદ્રોહી' નામથી લખેલા પોતાના લેખમાં ઉલ્લેખ કર્યો હતો, 'ફાંસી પર લઈ જતી વખતે તમે બહુ જોરથી વંદે માતરમ્ અને ભારતમાતાની જયના સૂત્રોચ્ચાર કર્યા.' તમે શાંતિપૂર્વક ચાલતાં ચાલતાં એક શેર બોલ્યા—'માલિક તેરી રજા રહે ઔર તૂ હી તૂ રહે, બાકી ન મૈં રહૂં ન મેરી આરજુ રહે...જબ તક કિ તન મેં જાન રગોં મેં લહૂ રહે, તેરા હી જિક્ર ઔર તેરી જુસ્તજુ રહે...' ફાંસીને માંચડે લટક્યા ત્યારે તમે કહ્યું, 'I wish the downfall of british empire' અને પછી એક શેર બોલ્યા, 'અબ ન અહલે વલવલે હૈં, ઔર ન અરમાનોં કી ભીડ, એક મિટ જાને કી હસરત, અબ દિલે-બિસ્મિલ મેં હૈ...' પછી તમે ઈશ્વરને પ્રાર્થના કરી અને મંત્ર બોલવાનો શરૂ કર્યો. દોરડું ખેંચાયું અને રામપ્રસાદજી ફાંસીના માંચડે લટકી ગયા.

—સૌજન્યસ્વીકાર(માયા ભદૌરિયા)

।। સ્વર્ગારોહણમાં કૃપાની રેલમછેલ ।।

અંબાજી તીર્થક્ષેત્રે 'સ્વર્ગારોહણ'ના સાર્વભૌમિક પ્રાંગણમાં ઉજવાતા પ્રત્યેક પર્વનો એક વિશિષ્ટ પ્રસાદ હોય છે. તેમ આ વર્ષે ગુરુપૂર્ણિમા પર્વ અહીં અનેરી રીતે ઉજવાયું ! અપૂર્વ પ્રસાદનો અવનવો રસ થાળ આગંતુક સર્વેને મળ્યો. આ રસથાળનાં દરેક વ્યંજનો પણ સામાન્ય ભોજનથી અલગ હતાં !! આત્માને પરિતૃપ્તિ ધરી તે આનંદલોકમાં અવગાહન કરાવનારાં હતાં.

એક-ભાવક, શ્રોતા, દર્શક ને સાક્ષી તરીકે તેની વાત કરવી છે.

તા.૧૦/૭/૨૦૨૫નું ગુરુપૂર્ણિમા પર્વ 'સ્વર્ગારોહણ'માં વિવિધરંગી પુષ્પોની સુગંધ સાથે આવ્યું.

આ પવિત્ર પર્વે સૌ સાધક ભક્તોએ 'સ્વર્ગારોહણ'ની આધ્યાત્મિક પ્રણાલી અનુસાર વંદના, પ્રાર્થના, પ્રણામ, ધ્યાન વગેરે પૂર્ણ કરી શ્રીગુરુચરણપાદુકાનું પૂજન કર્યું. ગુલાબનાં સુગંધિત પુષ્પો અર્પણ કરી મસ્તક શ્રી ચરણે નમાવી ધન્યતા અનુભવી.

તે પછી, 'યોગશૈવલ્યમ્' હૉલમાં સુવ્યવસ્થિત રીતે સૌએ પોતાનું આસન મેળવ્યું.

પૂ.શ્રી'મા' (સૌનાં હૃદયનાં પ્રાણવલ્લભ) પધારે છે. ઘણા લાંબા સમયની પ્રતીક્ષા પછી પૂ.શ્રી'મા' આ હૉલમાં સમૂહકાર્યક્રમમાં ઉપસ્થિત છે. દરેક ભક્તના હૈયે આનંદ અને આશ્ચર્યનું દર્શન થઈ રહ્યું છે.

આજે ગુરુપૂર્ણિમાનું પર્વ પૂ.શ્રી'મા'એ અતિ વિશેષ પ્રસાદીનું પર્વ બનાવી દીધું. (શિખરયાત્રા)—વંદનયાત્રાની DVD દર્શનનું તેમજ આ વિશિષ્ટ ઐતિહાસિક યાત્રાને

'સરહદનો સાદ' નામે પુસ્તકકારે પ્રગટ કરી. આજના દિને શ્રીરથીની સાથે પૂ.શ્રી'મા'એ આ ગ્રંથનું લોકાર્પણ કર્યું. આ ધન્ય પ્રસંગે ભક્તોની સાથે સાથે ૪૦ વંદનયાત્રીઓ પણ ઉપસ્થિત છે. (૨૨ ભાઈઓ અને ૧૮ બહેનો) તે દરેક યાત્રીઓને વંદનયાત્રી શ્રી પંકજભાઈ (U.S.A) તરફથી અન્ય વિશેષ પ્રસાદ પણ આપવામાં આવ્યો છે.

દરેક યાત્રી પૂ.શ્રી 'મા'નાં સૂચન પ્રમાણે પોતાની જગ્યાએથી (જ્યાં બેઠા છે ત્યાંથી) શ્રીપ્રભુજીને પ્રણામ કરીને 'સરહદનો સાદ' ગ્રંથને મસ્તક પર ધારી પંચદેવની કુટિયામાં પ્રભુજીને અર્પણ-નમન કરી પોતે પ્રસાદીરૂપે ગ્રહણ કરે છે.

શ્રી રથીભાઈ, શ્રીનિલેશભાઈ અને શ્રીસ્નેહલભાઈ પોતાના બુલંદ ભાવવાહી સ્વરોમાં ધૂન અને પદગાન કરે છે. સૌ સાધકભક્તો તેને ઝીલી સૂરમાં સૂર પૂરાવે છે.

આ ગ્રંથમાં કારગિલનો ઈતિહાસ અને શહીદ સૈનિકોનાં યુદ્ધે ચઢતાં પહેલાનાં અંતિમપત્રો તેમજ યાત્રીઓનાં લેખની સાથે સુંદર, આકર્ષક ફોટોગ્રાફસ પણ છે. પૂ.શ્રી'મા' જણાવે છે કે— 'આ પુસ્તકની આસપાસ હેલમભાઈનો સૌથી વધુ પરિશ્રમ છે. બીજો નંબર મયૂરભાઈ અમદાવાદનો છે ને દરેક પૃષ્ઠો પર પથરાયેલાં શ્રીતરલાબહેનનો નંબર હેમલભાઈ આપી દેશે. શ્રીતરલાબહેને આખા ગ્રંથને પૂરી રીતે સાચવ્યો, સંભાળ્યો છે. ને ફૂલની જેમ વધાવ્યો છે. અરે ! પોતાનું પ્રિય સંતાન છે એમ તેનાં અંગઉપાંગ પર વહાલ વરસાવ્યું છે. શ્રીહેમલભાઈ, શ્રીતરલાબહેન ને શ્રીમયૂરભાઈને આપણે 'ૐ યોગેશ્વરાય નમઃ'ના ત્રણ મંત્રોથી વધાવીએ.' સૌ તેમ અનુસરે છે.

(શ્રીમયૂરીબહેન વંદનયાત્રીઓની યાદી પ્રમાણે નામ જાહેર

કરે છે.)

પૂ.શ્રી'મા' લખે છે—અધધધ...પ્રસાદ આપણને મળ્યો છે. હૉલમાં બીજા બધા વિચારતા હશે કે વંદનયાત્રી અમે નથી તો અમે શું ગુનો કર્યો ? એકવાત ધ્યાનથી સાંભળો જે વંદનયાત્રી નથી છતાં જેને આ ગ્રંથ જોઈએ છે તે અંગે ધ્યાનથી આ વાત સાંભળે. આ ગ્રંથની ૧૫૦ નકલ જ તૈયાર કરી છે. આવતીકાલે આ ગ્રંથ મળવાનો નથી. વંદનયાત્રીઓનાં ફંડમાં એકલાખ રૂપિયા ઉમેરીને આ ગ્રંથ તૈયાર કર્યો છે. એક ગ્રંથની કિંમત ૨૪૯૦/—રૂ. છે.

હવે જેને રસ હોય, જેને આજે એ ગ્રંથ ખરીદવો હોય તેને માટે આ પહેલી ને છેલ્લી તક છે. ૨૪૯૦/—રૂ.નો આ ગ્રંથ ફક્ત ૧૧૦૦/—રૂ.માં ગુરુપૂર્ણિમાના આ પર્વે મળશે. આજે વેચાણમાં મૂકાશે. અહીં ફક્ત ૨૫/૩૦ ગ્રંથ જ છે. વિદેશનાં વંદનયાત્રીઓને ૧૫ ઑગસ્ટે આ ગ્રંથ ને પેનડ્રાઈવ પણ મળશે.

ફરી યાદ કરાવીએ જેને જેને આ ગ્રંથમાં રસ હોય તે ૧૧૦૦/—રૂ.માં આ ગ્રંથ લઈ શકે છે.

આપણા આ રથીભાઈએ કોઈ ધન્ય ક્ષણે સંકલ્પ કર્યો કે ૫૧ નિર્જળા કરવા છે ને પ્રભુજીને ધરવા છે. એટલે દર વીકે એક કે બે નિર્જળા કરીને આજે ૫૧ નિર્જળા પૂર્ણ કરે છે.

શ્રીરથી મંત્રગાન સાથે જણાવે છે મેં ૨૧ જુલાઈ ૨૦૨૪ના દિવસે પૂ.શ્રી 'મા' પાસે પ્રાર્થના કરી હતી. મારે 'પ્રેમોપનિષદ'નું (મહાત્મા શ્રીયોગેશ્વરનો ગ્રંથ) પારાયણ કરવું હતું. મને જ્યારે જ્યાં (સ્વર્ગારોહણમાં) અવકાશ મળે ત્યારે તે ગ્રંથ વાંચતો હતો. ભક્તાધીન ભગવતે નમઃ પૂ.'મા' પાસે બેસીને જ વાંચતો હતો. ત્યાં ભોજનપ્રસાદનો ઘંટ વાગ્યો ને મારે નિયમ પ્રમાણે ભોજન લેવા ઊભા થઈ જવું પડ્યું. ને ગ્રંથ

વાચનમાં વિક્ષેપ ઊભો થયો. મને થયું જમવાથી આ ગ્રંથવાચન અટક્યું. તો...હું ૫૧ નિર્જળા પુષ્પ પ્રભુજીને અર્પણ કરીશ. ગુરુત્વાકર્ષણ ગુરુ પ્રત્યેનું આકર્ષણ. મેડિકલમાં (શ્રીરથીભાઈ મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરે છે.) મડદાનાં ડીસેક્શન સમયે પણ નિર્જળાવ્રત તૂટ્યું નથી. પગ પણ અડીખમ રહ્યા. આ ગુરુકૃપાને હું વંદન કરું છું.

પૂ.શ્રી'મા'એ વંદનયાત્રીઓને (કારગિલ યાત્રા દરમિયાન ભોજન અને નિવાસની અશુદ્ધિને કારણે) પ્રાયશ્ચિત વિધાન કરાવ્યું હતું. એક દિવસ દૂધફળ, એક દિવસ પાણી ઉપર ને એક દિવસ નિર્જળા કરવાનું સૂચવ્યું હતું. 'ડ્રાયફાસ્ટીંગ' પુસ્તક વાંચીને મને આકર્ષણ થયું હતું. પૂ.શ્રી'મા'નો આજે ૪૫૯૦મો નિર્જળા છે. થેન્ક્યુ 'મા' મને આરોગ્યનો પ્રસાદ ધર્યો ને પ્રભુજીનાં ગ્રંથનો પ્રસાદ પણ મળ્યો. મને આ નિર્જળાવ્રતની મંજૂરી આપવા બદલ પ્રણામ.

પૂ.શ્રી'મા' લખે છે હવે શ્રીતરલાબહેનને સાંભળીએ.

શ્રીતરલાબહેન કહે છે—આ પર્વ પ્રેમનો ચમત્કાર છે. પ્રભુપ્રેમ જાગી જાય. આજ સુધી વાંચ્યું, વિચાર્યું ને સમજાયું તેનો નિષ્કર્ષ એક શબ્દ છે 'મા'. 'મા' નામધારી અસ્તિત્વ છે. તે આજે ૐ સ્વરૂપમાં સ્થિત છે.

પૂ.શ્રી'મા' લખે છે—યાત્રીઓની શબ્દવંદનાની સાથે સાથે માણવા મળતી તસ્વીરો આપણા હેમલભાઈનું કળાકૌશલ્ય છે.

શ્રીરૂચિતભાઈ 'સરહદનો સાદ' ગ્રંથનું નિવેદન રસિક પ્રવાહી શૈલીમાં પઠન કરી સંભળાવે છે.

ત્યારબાદ વંદનયાત્રા ભાગ—૨ DVDનું દર્શન શરૂ થાય છે.

પૂ.'મા'—'એ ધરતી ઉપરના દરેક પગલે જાણે એક

સંવેદનશીલતાની, એક વેદનાની ભાવગંગા વહેતી રહી. દરેક સૈનિકને મસ્તકે ભાવથી હાથ ફેરવતાં ફેરવતાં 'શાંતિ પામો—શાંતિ પામો' એવી પ્રાર્થના થતી રહી. દેશની રક્ષા માટે શહીદ થનારા, દેશની રક્ષા કરનારા વર્તમાન સૈનિકો માટે પણ પ્રાર્થના થતી રહી. ખૂબ ભારે હૈયે એ સ્થળેથી વિદાય લીધી. આ એકનો નહિ અનેકનો એવો અનુભવ હતો.' એ ધરતી વિશે બે મિનિટ શ્રીરાજીવભાઈ પૂ.'મા'ના કહેવાથી વાત કરે છે—તેઓ જણાવે છે કે ૫૨૭ જેટલા શહીદોએ ભારતભૂમિ માટે પ્રાણ અર્પ્યા. તે ભૂમિનું કોઈ ઋણ કે શહીદોનો પોકાર હશે ? કે 'મા' એ વંદનયાત્રા ગોઠવી !

ત્યારબાદ આ યાત્રાનો અનુભવવિશેષ શ્રીપૂજા, શ્રીમૈત્રેયી, શ્રીરથી, શ્રીમયૂરી, શ્રીસ્નેહલભાઈ, શ્રીતારકભાઈ, શ્રીરાજુભાઈ પોતાના શબ્દોમાં રજૂ કરે છે.

શ્રીપૂજા :—શૌર્ય, સમર્થતા ને સત્યનું દર્શન આ યાત્રામાં થયું. ટુરીસ્ટ તરીકે નહિ પણ એક દૃષ્ટા તરીકે યાત્રા થઈ.

શ્રીમૈત્રેયી :—વંદન 'મા'ને. વંદન એ વીરોને જેણે માતૃભૂમિને સર્વ સમર્પણ કર્યું. વંદન એ ભાવોને, વંદન એ સાધનાપર્વને જ્યાં પાત્રતા પણ કેળવાય. વંદન એ પછીનાં પ્રાયશ્ચિતને.

શ્રીરથી :—વંદનયાત્રાનો અદ્‌ભુત અનુભવ રહ્યો. લીલા વાંસ જ વાંકા વળી શકે. આપણે વિશ્વમાતાના સંતાન છીએ. સ્વર્ગારોહણમાં આકાશ કોનું ? જે મારું માને તેનું.

શ્રીમયૂરી :—પૂ.'મા'ની કરુણા છે કે 'મા'એ યાત્રામાં લઈ ગયા. DVD દર્શનથી ફરી પાછા યાત્રા કરી આવ્યા.

શ્રીસ્નેહલ :—થેન્ક્યુ 'મા'. હંમેશાં 'મા' જગાડતાં રહે છે. પહેલાં ભારતમાતા પ્રત્યેનો પ્રેમ જગાડ્યો. યોગ્યતા આપી પછી

યાત્રાએ લઈ ગયાં. 'મા'ના ત્યાંની ભૂમિ પરના પાવન સ્પર્શથી અનેક આત્માઓ મુક્ત થયા. અમે પ્રાર્થના કરતાં શીખ્યાં.

શ્રીતારકભાઈ :—સમગ્ર વંદનયાત્રાથી અભિભૂત થઈ પૂ.શ્રી'મા'ને ભારતમાતા માની વંદન કરે છે. પૂ.શ્રી'મા' લખે છે—મહેરસિંહનો પરિચય આ બુકમાં આપ્યો છે. આજે તેમનાં હાથે જ એનું વિમોચન વિચારેલું પણ તેઓ ઝાંસીમાં છે. પૂ.'મા' પણ આ ગ્રંથ પહેલીવાર જુએ છે. ફરીથી DVD દર્શન દ્વારા વંદનયાત્રાનો નવો ભાગ દર્શાવાય છે. શ્રીરાજુભાઈ જાની આ યાત્રા દરમિયાન દર્શનીય એવાં ખીરભવાની જગપ્રસિદ્ધ મંદિરની કથા (માહિતી) આપતાં જણાવે છે કે આ દેવીની કથા સાથે સ્વામી શ્રીવિવેકાનંદજીનું નામ પણ સંકળાયેલું છે.

આજનો ઉત્સવ પૂ.શ્રી'મા' સાથેની સંનિધિયાત્રાને વાગોળવાનો છે. ખીરભવાનીનું સ્થાન શ્રીલંકામાં હતું. હનુમાનજીને એમનું દર્શન થાય છે. રાવણે આ ભૂમિ પર અનર્થ કર્યો તેથી માતા હનુમાનજી જ્યારે જડીબુટ્ટી લેવા જાય છે ત્યારે તેમની સાથે વિદાય થાય છે. માતાને તૃષા લાગવાથી હનુમાનજી ખીર અર્પણ કરે છે તેથી ત્યાં ખીર જ ધરાવવાનો નિયમ થઈ ગયો છે. રાષ્ટ્રભક્તિની સાથે ઈશ્વરભક્તિ પણ જાગે તેવી વંદનયાત્રા હતી.

પૂ.શ્રી'મા'—મોરબી ધ્યાનકેન્દ્રને ૫૦ વર્ષ આવતીકાલે પૂરા થશે. ૫૦-૫૦ વર્ષથી પ્રભુએ એ કેન્દ્ર ચાલુ રાખ્યું. જેમ સુરતમાં પ્રિયંકાબહેન કેન્દ્રનું સંચાલન કરે છે તેમ મોરબીમાં શ્રીચેતનાબહેન. આખા કેન્દ્રનું સંચાલન કરે છે. આજે ૫૦ વર્ષ નિમિત્તે ૫૦ ભક્તોને લઈને આવ્યાં છે. ૫૦ની સંખ્યામાં પારાયણ કરીને સજજ થઈને સૌ આવ્યાં છે. એમને વધાવવાનું પવિત્ર કાર્ય હવે થશે. શ્રીશાંતિભાઈના હાથે શ્રીહરિભાઈ ભોજાણી જેમને પ્રભુ

શ્રીહરિ કહેતાં તેમના પ્રયત્નોથી કેન્દ્ર ચાલુ થયું ને વર્ષો સુધી ચાલતું રહ્યું. એમની વિદાય પછી ચેતના બહેન જાગ્યા ને ધ્યાનકેન્દ્રનું કામ હાથમાં લઈ લીધું. એક સ્ત્રીશક્તિ કેવું અદ્‌ભુત કાર્ય કરી શકે તે ચેતનાબહેન સૌને બતાવી શક્યાં છે.

ધારો તે કરી શકો. સત્સંગ કેન્દ્ર ચલાવવાનું કાર્ય કઠિન છે. ચેતનાબહેન, મોરબીનાં સૌ સ્વજન ભક્તોનાં સહયોગથી આ કેન્દ્ર ચલાવી રહ્યાં છે. આજે જે ૫૦ વર્ષ નિમિત્તે આવ્યાં છે તે સૌ ઊભાં થાય અને શ્રીશાંતિભાઈનાં હાથે પુષ્પ સ્વીકારે.

(ઠાકુર હમરે સદ્‌ગુરુ દેવા...ની ધૂન ગવાય છે.) મોરબી ધ્યાન કેન્દ્રનાં શ્રદ્ધાળુ સેવિકા શ્રીનમ્રતાબહેન કેન્દ્રના રજતજયંતી પર્વે જે પુસ્તક તૈયાર થયું હતું (તા.૩૦/૧/૨૦૦૧નાં રોજ) તેમાંથી મહાત્મા શ્રીયોગેશ્વરજીનાં કેટલાક પ્રસંગોની વાતો કરે છે. અને વધુમાં કહે છે કે તા.૧૪/૫/૧૯૮૦નાં રોજ મોરબી શિબિરમાં પૂ.શ્રીપ્રભુજીએ પૂ.શ્રી'મા'ની ઓળખ આપી, 'મા' સર્વેશ્વરી નામ આપ્યું હતું.

પૂ.શ્રી'મા'—જગત નારીશક્તિને સન્માનવામાં પાછળ નથી. આપણે પણ આજે શ્રીચેતનાબહેનને વિશેષ રીતે વધાવીએ. જે સંપ ને પ્રેમથી સૌને સત્સંગની રીતે સંભાળે છે તે શક્તિને આપણે ત્રણ મંત્રગાનથી વધાવીએ. (ત્રણ મંત્રગાન અને જય જય યોગેશ્વર ગુરુદેવ, જય જય મહાદેવ ગુરુદેવની ધૂન ગવાય છે.) પૂ.શ્રી'મા' ચેતનાબહેનને ફૂલોનો મોટો બૂકે તેમજ કુટિયાનાં સ્વરૂપવાળું મોમેન્ટો સન્માનપૂર્વક આપે છે ને કહે છે કે, ગયા વર્ષે ગુરુપૂર્ણિમાએ આ નવું મંદિર (હૉલમાં) શ્રીમંજુલાબહેન તરફથી આપણને મળ્યું. આજે તેને એક વર્ષ થયું એમ જણાવી તેઓને બે વાત રજૂ કરવા આમંત્રિત કરે છે.

મંજુલાબહેન :—'મા'ની અનંતકૃપા, દયા કે નાનાં કામને પણ મોટું ગણે છે. 'મા'ની શક્તિથી જ આપણે કંઈ કરી શકીએ છીએ. 'મા' જ સતત પ્રેર્યા કરે છે. હતું શું ને ગયું શું ? જે કંઈ છે તે સર્વ પૂ.શ્રી'મા'નો જ કૃપાનુગ્રહ છે. તેરા તુજકો અર્પણ.

પૂ.'મા'—હવે આ દાનેશ્વરી કર્ણનાં નાના બહેન નિર્માણપર્વની DVD માટે સરસ રીતે સામે ચાલીને સહાયક થશે. તેમણે 'મા'ને કહ્યું. હે, 'મા' ! મારી શ્રીલક્ષ્મીને મારા જીવન દરમિયાન જ સત્કર્મમાં જ પૂરી થવા દો. આપ કોઈ સ્થાન બતાવો.

હવે નિર્માણપર્વ હેમલભાઈ શરૂ કરશે તેમાં તમારે સહાયક થવું હોય તો થજો. તેથી મંજુલાબહેન તરફથી આવતા વર્ષનાં નિર્માણપર્વની DVD મળશે. ત્યાં સુધી હે મંજુબહેન ! જીવજો. (પૂ.'મા' મંજુબહેનને પુષ્પહારને બુકે આપી સન્માને છે.) 'સરહદનો સાદ'—આ ગ્રંથમાં પથરાયેલા શ્રીમયૂરભાઈ પણ આવેલા છે એમને પણ આપણે સાંભળીએ પછી આપણે પાદુકાયાત્રા કરીશું.

શ્રીમયૂરભાઈ :—સતત બીજું વર્ષ છે કે 'મા'ની કૃપાથી આ મંદિર બનાવવાનો લહાવો મળ્યો. અમે ફિલ્મનું કામ કરીએ છીએ બુકનું નથી કરતાં. 'સરહદનો સાદ' વંદનયાત્રાની બુક બનાવવાની વાત હેમલભાઈએ કરી. તરલાબહેને પણ સખત મહેનત કરી. હું પણ અત્યારે જ આ બુક જોઈ રહ્યો છું. સારામાં સારો જર્મન પેપર આ બુકમાં યુઝ કર્યો છે. આ કામ કરવાનો મોકો મળ્યો તે બહુ મોટી વાત છે. જય કૃપાળુ 'મા'.

પૂ.શ્રી'મા'—હજી, એક નાનકડી વાત બે મિનિટની બાકી છે. આશિષભાઈ જોશી ઊભા થાય. એ એક સરસ પ્રસાદ મંત્રયંત્રનો લાવ્યા છે. તો બે મિનિટ સાંભળી લઈએ. તમને આ પ્રસાદ ૧૫મીએ મળશે.

ૐ યોગેશ્વર રક્ષમામ્
'મા' સર્વેશ્વરી પાહિમામ્

જેમાં ચાર ધૂન છે. જે ગમે તે વગાડવાની સગવડ છે. બે મશીન છે. એટલે આઠ ધૂન વગાડવા મળશે. પંદર ઑગસ્ટે આશિષભાઈ તે આપી શકશે.

આ સાથે આ બેઠક નવમંત્રગાન કરી પૂર્ણ થાય છે અને પાદુકાયાત્રાનો પ્રારંભ થાય છે. સૌ ભક્તબાળ પરમસદ્‌ગુરુદેવ શ્રીયોગેશ્વરનાથની ચરણપાદુકાને સુંદર સુશોભિત પાલખીમાં પધરાવી પંચદેવની કુટિયાની પરિક્રમા કરાવે છે ને ગરબાની રમઝટમાં પોતાનાં અંતઃકરણના ભાવોથી શ્રીગુરુચરણને પ્રક્ષાલિત કરી ધન્યતા ધારે છે. વર્ષાઋતુ છે પરંતુ આજે વરસાદ વ્યવધાન નથી ઊભો કરી રહ્યો તેથી ગરબાની મસ્તી ને વિવિધ ધૂન તેમજ ભાવગીતોથી વાતાવરણ અતિઆહ્‌લાદપૂર્ણ બની મહેંકી ઊઠે છે.

ત્યારબાદ યોગતીર્થની બહારનાં ભાગમાં પેનડ્રાઈવ તેમજ ગ્રંથપ્રસાદ જેને ખરીદવો હોય છે તે તેને મેળવે છે. પૂ.શ્રી'મા'એ કહ્યું હતું કે આજના દિવસ પૂરતી જ આ યોજના છે. (ઓછી રકમે ગ્રંથ મેળવવાનો) તેથી તેનો લાભ લેવામાં આવે છે. અંતે શ્રીરાજુભાઈ જાની પૂ.શ્રી'મા'ને પ્રણામ કરી થેન્ક્યુ 'મા' કેટલો બધો સમય આપ્યો. ખૂબ કૃપા કરી એમ કહી નતમસ્તકે આભાર પ્રદર્શિત કરે છે.

આખો જ કાર્યક્રમ વંદનયાત્રાના અહોભાવથી છલકી ઊઠ્યો ! આનંદયાત્રા, વીરયાત્રા, શિખરયાત્રા, કૃપાયાત્રા ને સજગયાત્રાથી મહેકી ઊઠી. કોઈ અનેરી તૃપ્તિ ને સંનિધિયાત્રાના સંતોષથી 'ધન્યોઽસ્મિ...ધન્યોઽસ્મિ' કહી રહી છે.

———❋———

—સંકલન

॥ 'ગુરુપૂર્ણિમા પર્વ—૨૦૨૫' ॥

ગુરુપૂર્ણિમા એ આપણા સૌ સાધકો માટે અનેરુ પવિત્ર પર્વ છે. હોય જ ને ! ગુરુ-શિષ્યના મંગળ મિલનનો દિવસ છે. ગુરુદેવ પ્રભુના ઋણસ્વીકારનો દિવસ છે. અનેક જન્મોના પુણ્યના ઉદય પછી સદ્‌ગુરુની પ્રાપ્તિ થતી હોય છે. આપણે સૌ સાધકો અતિ ભાગ્યશાળી ગણાઈ શકીએ. એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી જ. તો આ વિશ્વમાં આપણા ગુરુદેવ પૂજ્ય શ્રી'મા'-પ્રભુ આપણા સૌ માટે એક આદર્શ સદ્‌ગુરુ તરીકે પોતાની અતિ નિયમિત સાધના અને તપના બળે આપણા સૌના જીવનમાં પ્રતિષ્ઠિત થયા છે. અપરિગ્રહ વૃત્તિ, શિસ્ત, સાદાઈ અને નિયમિતતાને જીવનમાં સદા વળગી રહ્યાં છે. પૂજ્ય શ્રી'મા'ના જીવનમાં જોઈએ તો 'આપો આપો અને આપો'નો જ મંત્ર રટાતો જોવા મળે છે. આજે વંદનયાત્રીઓને સ્વયં પોતાના કરકમળથી પોતાના દિવ્ય હસ્તાક્ષરોમાં એક આમંત્રણપત્ર પાઠવી વિશેષ પ્રસાદ માટે આમંત્રિત કર્યા છે. આમ તો એ આપણી ફરજમાં જ તે આવતું હોવા છતાં આ પ્રેમની પરાકાષ્ઠા કહી શકાય એમાં કોઈ સંદેહ નથી જ.

પૂજ્ય શ્રી'મા'નું તપોબળ એ આપણા સૌ સાધકો માટે આધ્યાત્મિક ચેતના મેળવવા માટેનું કેન્દ્રબિંદુ છે. તે આપણા સૌ માટે એક પાવર સ્ટેશનની ગરજ સારે છે. પૂજ્ય શ્રી'મા' તો આપણા સૌના જીવનસુધારક છે. અરે જીવનઉદ્ધારક છે. પૂજ્ય શ્રી'મા' કોઈપણ પ્રયોગ સાધકોને કરાવતા પહેલાં જાતે જ તે પ્રયોગ કરે છે. અને તેમાં સફળતા મેળવે છે. અને પછી સાધકોને કહે છે કે આ કરી શકાય ! આ કરો એમ નથી કહેતા, કે નથી આદેશ આપતા, આપણા પૂજ્ય શ્રી'મા' પ્રયોગોની

પ્રયોગશાળા છે. અને સ્વયંમને જ ચકાસી તેમાંથી સંશોધન કરીને તે સ્વાનુભવ મેળવી તેના પરિણામ બતાવે છે. નોંધે છે. સૌની સન્મુખ જ, સૌની સાક્ષીમાં જ તપના, જપના, નિર્જળાના પ્રયોગો કરે છે. ત્યારબાદ જ સાધકોને તેમ કરવા પ્રેરતાં રહે છે.

તા.૦૯/૦૭/૨૦૨૫ના એટલે કે ગુરુપૂર્ણિમાના આગલા દિવસના સવારથી જ સાધકોનો પ્રવાહ જાણે ધસમસતી નદીની જેમ વધ્યા કરતો હતો. વિવિધ સ્થાનોમાંથી સૌ આવતાં અને સ્વર્ગારોહણતીર્થમાં શણગાર કરવાના કાર્યમાં રત થઈ જતાં. પૂજ્ય શ્રી'મા'ની આરોગ્યયાત્રામાં સૌ જોડાઈને પોતાના આરોગ્યને સન્માન આપતાં પૂજ્ય શ્રી'મા' પાસેથી શીખ્યા છે. આરોગ્યયાત્રા પછી અજબ સ્ફૂર્તિ સૌને અનુભવાય છે. ત્યાર બાદ મધ્યરાત્રી સુધી જપયાત્રા પણ થઈ છે. જેના જેના મનમાં એક રાત હરિ કે નામની ભાવના છે તે સૌ તેમાં સામેલ થઈ જપ કરતાં કરતાં પૂજ્ય શ્રી'મા'ના દર્શનસુખને માણતાં રહે છે. પૂજ્ય શ્રી'મા' પાસે પ્રસાદ પણ પામ્યા છે. બહાર સાધારણ વરસાદ પણ પડે છે પરંતુ પૂજ્ય શ્રી'મા'ના નિવાસ પાસે રંગોળી કરતી દ્રષ્ટિને પૂજ્ય શ્રી'મા' કહે છે કાલે વરસાદ નથી પડવાનો રંગોળી કરો. પ્રકૃતિ પર પણ પૂજ્ય શ્રી'મા'નો સંપૂર્ણ પ્રભાવ છે. તેનું નિયંત્રણ પણ પૂજ્ય શ્રી'મા' જ કરે છે. તે જ નિયંતા છે. આ જડચેતન સર્વ પર પૂજ્ય શ્રી'મા'નું જ રાજ છે. અત્ર, તત્ર, સર્વત્ર 'મા' જ પથરાયેલાં છે. હોલમાં અને યોગતીર્થની સન્મુખ ફૂલોથી ખૂબ સરસ રીતે રંગોળી સજાવવાની સેવા સ્નેહલભાઈ અને અન્ય યુવા સાધક ભાઈઓ દ્વારા કરવામાં આવી રહી છે. યોગતીર્થની બહાર એક સરસ સ્વરૂપ મૂકવામાં આવ્યું છે. પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુના સ્વરૂપ વિવિધ અવસ્થામાં દૃષ્ટિગોચર થાય છે. પૂજ્ય શ્રી જ્યોતિર્મયી 'મા' અને પૂજ્ય શ્રી'મા'નું પણ પ્રભુ સાથે એ સ્વરૂપમાં દર્શન થાય છે જાણે આ સ્વરૂપના દર્શન પછી જો કોઈ

સાધકને એમનાં વધારે સ્વરૂપના દર્શન પામવા હોય તો તે સાધક યોગતીર્થનાં દર્શન માટે જઈ શકે તેમ પ્રતીત થાય.

આ વર્ષની ગુરુપૂર્ણિમા પર્વને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કહી જ શકાય કારણ પૂજ્ય શ્રી'મા' હિમાલયયાત્રાથી એપ્રિલ ૨૦૨૫માં પરત સ્વર્ગારોહણ તીર્થમાં પોતાના નિવાસ સ્થાને બિરાજમાન થયાં ત્યારથી સતત સાધનામાં જ રત રહ્યાં છે અને ગુરુપૂર્ણિમાના દિવસ સુધી હૉલમાં આવ્યાં જ નથી. ઘણી બધી લાંબી પ્રતીક્ષાને અંતે ગુરુપૂર્ણિમાના પવિત્ર પર્વ માટે સામેથી આમંત્રિત કરીને આ પૂજ્ય શ્રી'મા'એ સન્મુખ દર્શનના વિરહપર્વનો અંત આણીને લગભગ ૫.૩૦ કલાક જેટલા લાંબા સમય સુધી સતત દર્શન સુખ આપતાં રહ્યાં, સૌને જાણે ધરાઈ ધરાઈને દર્શન આપવા માટે, પરમસુખ આપવા માટે આ પ્રેમમયી, મમતાળુ, વાત્સલ્યમયી 'મા'એ સુખ સૌને ધર્યું. સૌને હૈયે હાશ ધરી, જાણે અંતરમાંથી આપોઆપ શબ્દો સરી પડે.

'દર્શનથી તવ પાવન થાય ગુણકીર્તન ભક્તો નિત ગાય
પગલે તીરથ સર્જન થાય, દૈવી શક્તિનાં દર્શન થાય'

હે 'મા' ભલે અમે કંઈ સાધના કે જપ, તપ આપની ઇચ્છાને અનુરૂપ નથી કરી શકતાં પણ આપના શ્રીચરણોમાં બેસી આપને અનિમેષ નજરે દર્શન કરતાં રહેવાનું સુખ સદા ધરતાં રહેજો એવી અમારા સૌની પ્રાર્થના છે. અમ સૌ બાળકોની આ જ તો એક સંપત છે. જેને કોઈ જ છીનવી શકે એમ નથી. હે 'મા' આપના આ આગમનને સૌએ સહર્ષ વધાવ્યું છે. જાણે નિર્જળાવ્રત હોય અને જ્યારે નિર્જળાવ્રત પૂર્ણ થયા બાદ જ્યારે પાણીનો એક ઘૂંટ પીવા મળે અને જે તૃષા શાંત થાય તેમ જ, તેવી જ અનુભૂતિ આપનાં સન્મુખ દર્શનથી સૌને થઈ.

આજે પાલખીયાત્રાના ક્રમમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો હતો. આજે પાલખીને સરસ રીતે યુવા ભક્તો દ્વારા સજાવવામાં આવી છે. અને સત્યપથમાંથી શ્રીસદ્‌ગુરુની ચરણપાદુકા વાજતે ગાજતે લઈ આવી અને હૉલમાં સ્થાન પામેલ સુશોભિત પાલખીમાં પધરાવવામાં આવે છે. પૂજ્ય શ્રીગુરુદેવ પ્રભુની ચરણપાદુકાને તીર્થનાં બે આદર્શ બાળકો દક્ષાભાઈ અને રથીભાઈને આ સેવા મળે છે. સૌ સાધકો તેને વિવિધ વાજિંત્રો અને શંખનાદથી શ્રીસદ્‌ગુરુ ચરણપાદુકાના આગમનને વધાવે છે. અને પૂજ્ય શ્રીગુરુદેવની ચરણપાદુકા એટલે સ્વયં ગુરુદેવ પ્રભુ જ બિરાજમાન થયા છે.

પૂજ્ય શ્રી'મા' સૌ પ્રથમ હૉલમાં પધારે છે અને હૉલમાં પધારી પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુના મંદિરમાં પ્રણામ કરી અને શ્રીસદ્‌ગુરુ ચરણપાદુકાને પ્રણામ કરી ફૂલ અર્પણ કરે છે. અને હૉલમાંથી વિદાય લે છે. ત્યાર બાદ સૌ સાધકો શિસ્તબદ્ધ રીતે પોતાના ક્રમ પ્રમાણે શ્રીસદ્‌ગુરુ ચરણપાદુકાને પ્રણામ કરી ફૂલ અર્પણ કરે છે. અને તે દરમ્યાન શ્રીરથીભાઈ અને નિલેશભાઈ, સ્નેહલભાઈ અને રુચિતભાઈની મંડળી શ્રીસદ્‌ગુરુ પરનાં વિવિધ પદોના રસથાળથી સૌને તરબોળ કરી દે છે.

આજે પૂજ્ય શ્રી'મા' દર્શન પ્રસાદના થાળ સાથે પુનઃ વધારે છે. અને પ્રભુની સન્મુખ એ થાળ સ્થાન પામે છે. પૂજ્ય શ્રી'મા' પાસેના ટેબલ ઉપર વિવિધ પ્રસાદ સ્થાન પામ્યા છે.

આજની હૉલની બેઠકવ્યવસ્થાને ત્રણ ભાગમાં વહેંચવામાં આવી છે. સૌ પ્રથમ હૉલના અગ્ર ભાગમાં વંદનયાત્રીઓને સ્થાન મળ્યું છે. એ જોતાં એવું લાગે કે જો એક યાત્રા જો પૂજ્ય શ્રી'મા' સાથે કરવાથી પૂજ્ય શ્રી'મા' સન્મુખ બેસવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય તો, તેમની સાથે સાધના જપ તપ કરવાથી

ઉપર પણ પ્રભુના દરબારમાં પણ આપણને અગ્ર સ્થાન મળે જ ને ! તેમ મનઅંતરમાંથી સાદ આવ્યો.

મોરબી ધ્યાન કેન્દ્રને ૫૦ વર્ષ આજે પૂરા થાય છે એટલે તે ધ્યાનકેન્દ્રને ચેતનવંતું રાખનાર મોરબી ધ્યાન કેન્દ્રના સંચાલક શ્રીચેતનાબેન ૫૦ ભક્તો સાથે પધાર્યાં છે. કોઈ ધન્ય ક્ષણે પૂજ્ય શ્રીગુરુદેવ પ્રભુના આશીર્વાદથી પ્રારંભ પામેલું શ્રીયોગેશ્વર ધ્યાન કેન્દ્ર મોરબી આજે તો વટવૃક્ષ બની સૌને છાંયડો ધરતું ઊભું છે. શ્રીહરિકલ્યાણ એટલે કે ભોજાણીભાઈ અને કલ્યાણભાઈના અથાગ પ્રયત્ન અને પરિશ્રમ અને પૂજ્ય શ્રીગુરુદેવ પ્રભુના આશીર્વાદની અમર કહાની છે.

શ્રીયોગેશ્વર ધ્યાન કેન્દ્ર મોરબીની સૌ બહેનોએ એક સરખી વેશભૂષા ધારણ કરી છે. ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી સાડીના વેશમાં સ્થાન પામ્યાં તેમજ મોરબીથી પધારેલા સૌ ભાઈઓ વંદનયાત્રીઓની પાછળ સ્થાન ગ્રહણ કરે છે. અને ત્યાર બાદ સૌ અન્ય ભક્તોને સ્થાન આપવામાં આવ્યું છે.

જ્યારે પૂજ્ય 'મા' હૉલમાં પધારે છે ત્યારે એમ કહીને સૌ વંદનયાત્રીઓને વધાવે છે. 'જે વંદન કરે તે વંદનને યોગ્ય બને, પ્રસાદને અધિકારી બને.'

ત્યારબાદ વંદનયાત્રામાં સૌથી નાનું કોણ હતું કે જે હાજર છે ? એમ પૂછે છે અને રથીભાઈની મંડળીને પદો ગાવાનું સૂચન કરે છે. જ્યારે રથી તે માટે ડાયરી લેવા નીચે જાય છે ત્યારે પૂજ્ય શ્રી 'મા' હસતાં હસતાં કહે છે કે ઊભાં જ અણુલાં હતાં. ને ત્યારબાદ અમનભાઈ, દ્રષ્ટાભાઈ અને શ્રીપંકજભાઈ પૂજ્ય શ્રી 'મા' પાસેથી પ્રસાદ લઈ સહુ વંદન યાત્રીઓને વિતરણ કરે છે. ત્યાર પછી રથીભાઈના ૫૧ નિર્જળાના નિયમની પૂર્ણાહુતિ થઈ રહી છે તેથી

રથીભાઈને સમીપ બોલાવે છે. અને ત્યાં પુષ્પગુચ્છ અને એક ભેટ સાથે રથીભાઈના આ નિયમને પ્રેમથી વધાવે છે.

પૂજ્ય શ્રી'મા' કહે છે કે નિર્જળા દ્વારા આરોગ્યને પણ બળ મળ્યું છે. તેને અનુલક્ષીને રથીભાઈએ તેમના વિદ્યાભ્યાસ સાથે નિર્જળાના અનુભવની વાત કરે છે. ત્યાર બાદ પૂજ્ય શ્રી'મા' રથીભાઈને કહે છે કે આ નિયમ કેમ લીધો હતો ? તે વાત કર એટલે રથીભાઈ કહે છે કે આ એક વર્ષ પહેલાંનું સંભારણું છે. તારીખ ૨૦ જુલાઈ ૨૦૨૪ના રોજ પૂજ્ય શ્રી'મા' એ 'પ્રેમોપનિષદ' પૂજ્ય શ્રી પ્રભુનું અપ્રકાશિત પુસ્તક ઘણી માગણીઓના પ્રત્યુત્તરરૂપે રથીભાઈને વાંચવા આપે છે. રથીભાઈ સદ્ગ્રંથના પારાયણમાં મગ્ન હોય છે અને ત્યાં જ જમવાનો સમય થતાં પૂજ્ય શ્રી'મા'એ સદ્ગ્રંથ પરત લઈ રથીભાઈને અન્નક્ષેત્રમાં મોકલી આપે છે ત્યારે રથીભાઈના મનમાં મનોમંથન થાય છે અને તેને એવું થાય છે જાણે આ અન્ન પણ પ્રભુ પાસે પહોંચવાના પથ પર બાધા બને છે તો પૂજ્ય શ્રી પ્રભુને ગુરુપૂર્ણિમાએ એનો જ ઉપહાર ધરાવાયને ! એક શુભ સંકલ્પ મનમાં ઉઠ્યો અને તરત જ અમલ ! તે માટે ૫૧ નિર્જળાનો નિયમ લેવાય છે. અને આજે સાત્ત્વિક સંકલ્પ પૂર્ણ પણ થાય છે. પૂજ્ય શ્રી'મા' આપણને સૌને જાણે ગર્ભિત ઈશારાથી કહેતાં હોય તું કરી તો જો ! તું તપી તો જો ! હું છું ને ! પૂજ્ય શ્રી'મા' સતત તપ કરે છે આ આંકડા બોલે છે એ મુજબ પૂજ્ય શ્રી'મા'એ ૪૭૭૭ જેટલા નિર્જળા વ્રત અત્યાર સુધી પૂર્ણ કર્યા છે.

પૂજ્ય શ્રી'મા' કહે છે કે હવે એવો પ્રસાદ કે જે લીધા બાદ જમવાની પણ જરૂર નહિ પડે એવો પીરસીએ છીએ. રથીભાઈને ફરી ઊભા કરે છે. અને ત્યારે રમૂજની શૈલીમાં કહે છે કે આ ધોતી પહેરી છે તેનું ગૌરવ છે. અને ત્યાર બાદ પૂજ્ય

શ્રી'મા'ના વહાલસ્વરૂપે પ્રગટ થતા સદ્‌ગ્રંથને પૂજ્ય શ્રી'મા' રથીભાઈને ખોલવા આપે છે. એક બાળકને ગમતી સોગાદ મળી હોય તેમ રથીભાઈ તે સદ્‌ગ્રંથના વિમોચનકાર્યમાં પૂજ્ય શ્રી'મા' સાથે કાર્યરત રહે છે.

ત્યાર બાદ પૂજ્ય શ્રી'મા' સૌને આ સદ્‌ગ્રંથનાં સૌને દર્શન કરાવે છે. અને ત્યારબાદ સૌ વંદનયાત્રીઓને આ ગુરુપૂર્ણિમા પવિત્ર પર્વે પૂજ્ય શ્રી'મા' પોતાના કરકમળોથી સૌને સદ્‌ગ્રંથ પ્રસાદમાં આપે છે. આજના દિવસની આ વંદનયાત્રીઓના જીવનમાં સૌથી ધન્ય ક્ષણો, યાદગાર ક્ષણો ગણી શકાય.

પૂજ્ય શ્રી'મા'ની સૂચના સૌને મળી છે કે સદ્‌ગ્રંથને જમીન ઉપર નથી મુકવાનો દરેકે સદ્‌ગ્રંથને પોતાના ખોળામાં રાખવાનો છે. અને ત્યારબાદ આ સદ્‌ગ્રંથની યાત્રા શરૂ થાય છે. સૌ વંદન યાત્રીઓ અને અન્ય થોડા સાધકો તે સદ્‌ગ્રંથ સાથે સંકીર્તન કરતાં કરતાં તે કુટિયામાં બિરાજમાન પંચદેવને અર્પણ કરી પ્રણામ કરી અને કુટિયામાં પ્રદક્ષિણા કરી કુટિયાની સન્મુખ ઊભાં રહીને અને સદ્‌ગ્રંથને પોતાના મસ્તક પર ધારણ કરી અને મસ્ત બની સૌ સંકીર્તન કરતાં કરતાં પાછા હૉલમાં આવી પોતાના સ્થાન ગ્રહણ કરી લઈએ છીએ. પૂજ્ય શ્રી'મા'ની યોજનાઓનો કોઈ પણ તાગ કોઈ પણ મેળવી શકે નહિ.

કારણ પૂજ્ય શ્રી'મા'ની દરેક યોજનામાં વિવિધતા છલકાતી જોવા અચૂક મળે, કોઈ બીબાંઢાળ કાર્યક્રમો નહિ. આ સદ્‌ગ્રંથ યાત્રાનું કોણે વિચાર્યું હતું ? અને તે પણ આટલો જલ્દી આ સદ્‌ગ્રંથ સૌને મળશે તેમ પણ કોણે વિચાર્યું હતું ?

પૂજ્ય શ્રી'મા' કહે છે વંદનયાત્રીઓના ફાળાની રકમ ઉપરાંત રૂ. એક લાખ જેટલા શ્રી લક્ષ્મીના સદુપયોગથી આ

સદ્‌ગ્રંથ તૈયાર થયો છે. ફક્ત ૧૫૦ નકલ છે. જેનું મૂલ્ય રૂ. ૨૪૯૦/—નું થાય છે પણ જે આજે જ ખરીદે તો આજના પવિત્ર દિવસે ફક્ત ૧૧૦૦/—માં તે પ્રસાદ પામી શકે છે.

પૂજ્ય શ્રી'મા' મંજુલાબેન ભાવસારને યાદ કરે છે અને બોલવા ઊભાં કરે છે શ્રીમાસીએ આ હૉલમાં મંદિરના સ્વરૂપ માટે શ્રી લક્ષ્મીનું દાન કર્યું હતું. અને હવે નિર્માણપર્વની ડીવીડી માટે શ્રી લક્ષ્મી આપવાની વાત કરે છે. તેને સૌ વધાવે છે. મંજુલાબેન કહે છે આ બધું આપની કૃપાને લીધે જ છે ને ! મારું ક્યાં કશું છે. ખૂબ ઊંચી સમજ પૂજ્ય શ્રી 'મા'નું સાંનિધ્ય, સામીપ્ય પામી શ્રી માસીએ મેળવી છે, કેળવી છે તેમ કહેવાય. આપો આપોનો મંત્ર પોતાના જીવનમાં ચરિતાર્થ કર્યો છે. પૂજ્ય શ્રી પ્રભુ કહે છે તેમ કોઈકની જ શ્રીલક્ષ્મી પરમાર્થના કાર્યમાં વપરાઈ શકે !

વચ્ચે વચ્ચેના સમયમાં વંદનયાત્રાની ડીવીડી ૧ થી ૩ ભાગોનું દર્શન પૂજ્ય શ્રી 'મા' કરાવતા રહે છે.

પૂજ્ય શ્રી 'મા' એ વંદનયાત્રીઓ પર કૃપાનો વરસાદ વરસાવ્યો હતો કારણ સૌ યાત્રીઓ ને બે કે ત્રણ મિનિટ બોલવું હોય તે સૌને બોલવા માટે છૂટ આપી હતી.

રથીભાઈ, રાજીવભાઈ, પૂજાબેન, મૈત્રીબહેન, સ્નેહલભાઈ, તારકભાઈ, સૌએ વંદનયાત્રાને સર્વ શ્રેષ્ઠ રીતે મૂલવી પણ સૌથી મઝાની એ વાત હતી કે શ્રી તરલાબેન વંદનયાત્રામાં સહભાગી ન હતા તે છતાં આ સરહદનો સાદ સદ્‌ગ્રંથને તૈયાર કરતાં પહેલાં શ્રી તરલાબેનના હસ્તે ચૅક કરવામાં આવ્યો અને તેમણે હેમલભાઈ અને મયુરભાઈ સાથે રહીને અણમોલ ભેટ આ સાહિત્યજગતને ધરી છે. શ્રી તરલાબેન સદ્‌ગ્રંથમાંથી નિવેદન વાંચે છે ॥ સરહદનો સાદ : લિ. 'મા' આવે છે ॥ પણ વારે વારે વિક્ષેપિત થવાથી પૂજ્ય શ્રી 'મા'

રૂચિતભાઈને તે વાંચવા કહે છે. અને રૂચિતભાઈ તે વાંચે છે. ત્યાર બાદ પૂજ્ય શ્રી 'મા' રાજુભાઈને ખીર ભવાનીના મંદિર વિશે બોલવાનું કહે છે. શ્રી રાજુભાઈએ સરસ સમજ આપી તેમજ જગદ્‌ગુરુ શંકરાચાર્ય મહારાજ દ્વારા સ્થાપેલ શ્રી શંકર ભગવાનના આ મંદિર વિશે વાત કરી અને તે સ્થળનું વ્યૂહાત્મક દૃષ્ટિએ શું મહત્ત્વ છે અને કેમ લશ્કરના કબ્જામાં છે તે પણ તેમણે સરસ રીતે સમજાવ્યું અને જ્યાં જઈએ ત્યાંના ઐતિહાસિક સ્થળોનો ઈતિહાસ જાણવો જોઈએ કારણ વારંવાર આવા સ્થળોની મુલાકાતે જવાનું થતું હોતું નથી કે જવાનું શક્ય બનતું નથી. તે સૌને સમજાવ્યું.

આજે શ્રીયોગેશ્વર ધ્યાનકેન્દ્ર મોરબીનો સુવર્ણ જયંતિ દિવસ છે તે નિમિત્તે સૌ મોરબી ધ્યાનકેન્દ્રના ભક્તોને શ્રી શાંતિકાકા પાસે થી ફૂલ અને પ્રસાદ ગ્રહણ કરવા માટે પૂજ્ય શ્રી 'મા' સૂચના આપે છે. અને પૂજ્ય શ્રી 'મા' પાસેથી પ્રસાદ ગ્રહણ કરી સૌ પોતાનું સ્થાન ગ્રહણ કરતા હતા. પૂજ્ય શ્રી 'મા'એ નમ્રતાબેન ૨૦૦૧ શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્ર મોરબીના રજત જયંતિ સમારોહના પુસ્તકમાંથી વાંચન કરવા કહ્યું હતું. તેની વાતો અદ્‌ભુત હતી તેના મુખ્ય અંશોની વાત કરીએ તો પૂજ્ય શ્રી 'મા'એ પોતાના ૩૦/૦૬/૨૦૦૧ના આશીર્વાદ પત્રમાં નોંધ્યું છે. તે સતત વાગોળવા જેવું લાગ્યું. જીવનમાં સતત સ્મરણ કરવા જેવું લાગ્યું એક જ સંત, એક જ ગ્રંથ, એક જ ચરણ, અને એક જ શરણ તો શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્રના રજત જયંતિ સમારોહ પુસ્તકમાં શ્રી કલ્યાણજી તેમના લેખમાં જણાવે છે કે આ શિબિર ઐતિહાસિક એટલા માટે બની ગઈ કે શિબિરના પ્રથમ દિવસે તા.૧૪/૦૫/૧૯૭૯ના રોજ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુએ પૂજ્ય શ્રી 'મા' સર્વેશ્વરીની પરમ ઓળખ આપી તેમની

આધ્યાત્મિક ભૂમિકાને લક્ષમાં લઈ તેમના અલૌકિક નામ 'શ્રી મા સર્વેશ્વરી'ના નવા નામાભિધાનની વરણી પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુએ સ્વયં કરી.

પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ કહે છે શ્રી સરોજબેન કોઈ આધ્યાત્મમાર્ગના સામાન્ય સાધક નથી. ગુરુદેવ પ્રભુએ ગૌરવભેર પૂજ્ય શ્રી 'મા'નો પરમ પરિચય આપતાં કહ્યું. પૂજ્ય શ્રી 'મા' તો પૂર્વનાં એક મહાન અવતારી છે.

પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુની અનુમતિ પ્રમાણે તા.૧૧/૦૭/૭૬ના રોજ ગુરુપૂર્ણિમાના પવિત્ર પર્વે શ્રી શંકર આશ્રમમાં શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્ર મોરબીની પ્રવૃત્તિ પ્રારંભ પામી.

પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ ૧૯૭૫થી દર વર્ષે મોરબી પ્રવચનો માટે પધારતા.

પૂજ્ય શ્રી 'મા'એ નારીશક્તિનું ગુણગાન કરતાં શ્રી ચેતનાબેનને એક મોટો ગુલદસ્તો અને એક સરસ સ્વરૂપ આપીને વધાવ્યાં છે. તેમની પ્રવૃત્તિઓને બિરદાવી છે. પૂજ્ય શ્રી 'મા' વિશેષતાઓને સદા વધાવતા રહે છે.

આજે હજુ એક નાનો કાર્યક્રમ બાકી છે તેમ જણાવી શ્રી આશિષભાઈ જોષીને બોલાવે છે તેમણે એક ત્રણ મંત્રગાનના બે નાના યંત્રને બનાવ્યું છે. જે દેશવિદેશમાં પણ ચાલી શકે તેવું છે. જે સતત ૨૪ કલાક મંત્ર શ્રવણ કરાવ્યા કરે. અને તેની ધૂનો પણ કર્ણપ્રિય લાગી અને ૧૫ ઓગસ્ટ સુધી આપશે તેમ જણાવ્યું.

હવે કાર્યક્રમની પૂર્ણાહૂતિ થઈ અને પાલખીયાત્રા માટે સૌને બહાર ગુરુદેવ પ્રભુના સ્વરૂપ સમક્ષ ઊભા રહેવાનું હતું. પ્રથમ બહેનો અને પછી ભાઈઓ એ પાલખીયાત્રામાં જોડાવાનું હતું. સૌ ગુરુદેવ પ્રભુનાં ચરણ પાદુકાનાં દર્શન કરી ધન્યતા

અનુભવતા આજના આ પવિત્ર દિવસે જાણે પૂજ્ય શ્રી ગુરુદેવનો સ્પર્શ પામ્યા હોય તેવી દિવ્યાનુભૂતિ થતી. સૌ આનંદ મંગલ કરતાં કરતાં પાલખીયાત્રામાં વિવિધ રંગોના કપડાંમાં શણગારથી સજ્જ થઈ સંકીર્તન કરતા કરતાં પ્રદક્ષિણા કરતાં કરતાં પાલખીયાત્રાની મસ્તી માણીએ છીએ. પૂજ્ય શ્રી 'મા' સ્વર્ગદ્વારથી પ્રસાદનો વરસાદ કરે છે. સૌ તે ઝીલવા અને વીણવા પ્રયત્ન કરે છે. પૂજ્ય શ્રી 'મા' સદા પ્રસન્ન મુદ્રામાં જ દ્રશ્યમાન સ્વર્ગ દ્વારેથી દર્શન આપતાં રહે છે.

આજે વંદનયાત્રાની પેન ડ્રાઈવ પ્રસાદનું યોગતીર્થના દ્વારેથી વિતરણ થાય છે તેમજ લગભગ ૨૬ જેટલા પુસ્તકોનું વિતરણ પણ થાય છે.

પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુની ચરણપાદુકા સત્યપથમાં પુનઃ પધરાવવામાં આવે છે. આજે મહાપ્રસાદ નથી એટલે કેરીના જ્યુસ તેમજ અધધધ થાય તેટલો પ્રસાદ લઈ, પૂજ્ય શ્રી ગુરુદેવ ચરણે શીશ ઝુકાવી પ્રાર્થના કરતાં કરતાં તીર્થમાંથી સૌ વિદાય થઈ રહ્યા છે.

દરેક પોતાના સમય અને અનુકૂળતા જોઈ સ્વર્ગારોહણતીર્થમાંથી વિદાય લે છે. દ્વારે ઊભેલા પ્રભુ સૌની રાહ જોઈ ઊભા છે. વહેલા પાછા અવાજો એમ જાણે કહી રહ્યા હોય તેમ લાગે છે. સૌ ભારે હૈયે સ્વર્ગારોહણતીર્થ વિદાય લઈ રહ્યા છે.

પૂજ્ય શ્રી 'મા'નો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. આ પૂજ્ય શ્રી'મા'નો પરિશ્રમ સાર્થક કરવાની આપણાં સૌની જવાબદારી છે, ફરજ છે. એક યાદગાર ગુરુપૂર્ણિમા સતત સ્મરણપટ પર રમતી રાખજો.

—શ્રીઅશ્વિન કાકા

॥ પ.પૂ.શ્રી'મા'નું 'શહીદવંદના'નું એક અનોખું આધ્યાત્મિક અભિયાન ॥

યાત્રાઓના ઘણા પ્રકાર સાંભળ્યા પણ આ યાત્રા માત્ર વંદન માટેની ! દેવોને નહિ, મનુષ્યત્વના ઉચ્ચતમ શિખરે આરૂઢનારા માટે, કંઈ પ્રાપ્ત કરવા નહિ, સર્વસ્વ ગુમાવી દેવાનો શુભ આશય ! દેશ માટે જીવવાનો જ નહિ, મરી મીટવાનો આશય. શહાદત સર્વ સમર્પણોમાં સૌથી ઉપર તરી આવે છે અને એટલે કહ્યું છે : શહીદસ્મારકોમાં નિશ્ચેતન આરામની ખાંભીઓરૂપે કે પૂતળાંરૂપે બિરાજમાન શહીદો There are not just lying there, They Living there. એમનો પ્રાણસ્પંદ, એમનું ચૈતન્ય સદા રણઝણ્યા કરે છે.

શહીદ તો ચિરનિદ્રામાં પોઢે છે સાથેસાથે એનાં સ્વજનો-સ્નેહીજનોની અકથ્ય વેદના, જીવનભર અલગાવનો પરિતાપ, કદી ન સૂકાઈ શકતાં અશ્રુઓની ભીનાશ, એમની બધી જ આશાઓ-અરમાનો-સ્વપ્નાં એની સાથે દફન થઈ જાય છે. જિંદગીભર અભાવની પીડા લઈને જગતમાં ફરતા એ જીવોનો વિચાર પણ આપણને ધ્રૂજાવી જાય છે.

યુદ્ધમાં જતાં પહેલાં લખેલા પત્રો વાંચનારનાં હૃદય ચિરાઈ જાય છે. એક અનિશ્ચિત ભાવિ, અમંગળનાં એંધાણનો એમાં સામનો કરનારના હૃદય પર શું વીતતી હશે ?

તો આ શહીદોનાં દુઃખદર્દ પ્રત્યે કેવળ લાગણી, ઉપર-ઉપરનો પ્રેમ-સહાનુભૂતિ કે દયા નહિ, 'સમસંવેદનશીલતા' જ દાખવવી ઘટે.

પરમ પૂજ્ય 'મા'એ કેવળ સમસંવેદનશીલતાથી પ્રેરાઈને આ યાત્રા યોજવાનો સંકલ્પ કર્યો. ૬૫ ભક્ત સ્વજનો સાથે પ્રાર્થના, પ્રદક્ષિણા, પ્રણામ, મૌન-ધ્યાન વગેરેથી શાંત, ગૌરવપૂર્ણ રીતે. અત્યંત ગરિમાયુક્ત ચૈતન્યાનુસંધાન કર્યું–કરાવ્યું.

પાષાણોમાં સુપ્ત ચેતનાનો સંસ્પર્શ અનુભવી બધા અનુકંપા-કારુણ્યનો એક અદ્‌ભુત ઊંચાઈભર્યો સ્પર્શ અનુભવી રહ્યા.

ત્યાંના સૈનિકો-સેનાપતિઓ સાથે રૂબરૂ મુલાકાત-સંવાદ વિનિમયથી તેઓ વધુ સમૃદ્ધ બન્યા. સર્વને શહીદોના આંતર ઐશ્વર્યની અદ્‌ભુત અનુભૂતિ થઈ.

સામે શહીદોએ પણ જાણે કહ્યું; 'અમે વિલીન થવાથી વધુ અસ્તિત્વવાન થયા છીએ. મૃત્યુ તો એક દિવસ આવવાનું જ હતું પણ જે કારણથી અમારી જિંદગી લૂંટાવવા ખુશનસીબ બન્યા; એ દેશ, દેશપ્રેમ, અમારે મન અતિ મહત્ત્વની બાબત છે. એટલું જ નહિ, સ્વકેન્દ્રી મટી અમે રાષ્ટ્રીય ચેતનાથી સ્પંદિત થઈ શક્યા એ અમારી સાચી સંપત્તિ છે. બહુ પ્રેમથી એ સંચિત કરી, અમે સઘળા દેશવાસીઓ માટે સ્નેહ-સમર્પણની શાશ્વત સુગંધ પ્રસારીને વિદાય લઈ શક્યા એ અમારે મન અત્યંત ગૌરવની વાત છે.'

આમ, વંદનયાત્રા અત્યંત પ્રેરક, માર્ગદર્શક બની ગઈ. એમાં ઉપસ્થિત સર્વ યાત્રીઓને ઉમદા માનવ્યનો પાઠ ભણાવી ગઈ.

આમ, વંદનયાત્રાની શબ્દયાત્રા, પૂ.'મા'એ જેને 'ભાવગંગા' કરી વધાવી, એ એમાં શરીક પ્રત્યેકની કલમને ઝંકૃત કરી રહી. સર્વેએ પોતપોતાની કૃતજ્ઞતા આગવી રીતે

વ્યક્ત કરી. એમાં સૌથી શિરમોર રહ્યો પૂ.શ્રી 'મા'નો લેખ 'વૃક્ષમાં બીજ તું' શીર્ષક હેઠળ 'મા'નો લેખ 'વૃક્ષમાં બીજ તું' શીર્ષક હેઠળ 'મા'એ દાદાજી, પિતાજી, ભાઈઓ, એ બધાંના પ્રખર દેશપ્રેમની સમાંતરે પૂ.શ્રી યોગેશ્વરજીની અનુપમ દેશપ્રીતિને માથે ચઢાવી. પોતે નાનાં હતાં ત્યારે 'ભારતમાતા' બનાવવામાં આવેલાં એ હકીકતની ચરિતાર્થતા આપણે પ્રગટ આવિષ્કૃત થયેલી જોઈએ છીએ. તેઓશ્રી સાચા અર્થમાં સમસ્ત ભારતના, દેશની રાષ્ટ્રીય ચેતનાના માતૃપદે અધિષ્ઠિત થયાં છે, સમગ્ર રાષ્ટ્રના હિતમાં જ્યારે પણ જે કંઈ થઈ શકે તે અત્યંત ઉત્તમ રીતે અદા કર્યું છે, ભક્તોને રાષ્ટ્રના કલ્યાણ માટે સતત પ્રેરણા અર્પતા રહ્યાં છે. પૂ.શ્રી'મા'એ સર્વ યાત્રીઓના શબ્દકુસુમોનો ઢગલો ધરી દીધો. ફૂલ એમનાં, દોરા-ધાગા એમનાં એમ એક સરસ સંકલનહાર થઈ ગયો. દરેકની પોતાની ચેતનાની સુગંધ રાષ્ટ્રપ્રીતિની મહેક એમાં અકબંધ હતી. યાત્રાની કૃતાર્થતા-ધન્યતા સર્વત્ર અનુભવવા મળી.

આમ જોતજોતામાં પૂ.શ્રી'મા'ના અનવરત આશીર્વાદ વ્યક્તાદિ, વ્યક્ત મધ્યાનિ, વ્યક્ત અંતાતિ એમ મંગલ આરંભ-મધ્ય-અંતથી વંદનયાત્રાની શબ્દયાત્રા સંપન્ન થઈ.

પણ પૂ.'મા'એ એટલાથી સંતોષ ન પામતાં, વંદનયાત્રાના મૂળભૂત પ્રાણ સમા 'સરહદના સાદ'નું ઋણ માથે ચઢાવ્યું. અને સરહદ જ્યારે સાદ પાડે ત્યારે 'અનહદમાં જે સ્થિર છે' એ 'મા'નાં 'પ્રતિસાદ' એક જ હોય, એક જ હોઈ શકે અને તે 'લિ. 'મા' આવે છે.'

એ સાદ સાંભળી, એને અંતર્નાદનો પર્યાય બનાવી, એની પાસે દોડી જવું—એ એકમાત્ર નિયતિ બની રહી. પૂ.'મા' એ ત્યાં

જવું જ રહ્યું, ત્યાં ગયે જ છૂટકો થયો.

એ સરહદ તો છે એક 'જમીનનો જ ટુકડો' જેના પર બે દેશોની સંમતિથી કરાર થયો હોય એવી જગ્યા, સ્થાન ! પણ કોઈ દેશ એનું ઉલ્લંઘન કરે, કોઈ સ્વાર્થી હેતુથી પ્રેરાઈ આક્રમણ કરે તો એને ખાળવા, એની સામે યુદ્ધ અનિવાર્ય થઈ જાય.

પણ યુદ્ધથી થતી ખુવારી એ જ એક ચરમ સત્ય છે. એનાથી બચવું મનુષ્યો—સૈનિકો માટે શક્ય નથી. સામનો કરતાં ખપી જવાય તો ખપી જવું એવા ભાવથી શહાદતો વહોરાય છે.

આ બધાંના ટપકતાં રુધિરથી સરહદ શોણિતવતી બને છે, એની વ્યથા, એનો પરિતાપ એ સાદ પાડી અભિવ્યક્ત કરે. ને 'મા' જેવાં કરુણાળુ સંત એ સાંભળતાં દોડી જઈ, આશ્વાસન આપે, આશિષ આપે જ આપે. એટલે પુસ્તકનું નામ 'સરહદનો સાદ' બહુજ ઔચિત્યપૂર્ણ રીતે અપાયું.

આમ 'કારગિલ યુદ્ધ શહીદસ્મારક'ની વંદનયાત્રાને પૂ.શ્રી'મા'એ એક એવા પુસ્તકરૂપે પ્રકટ કરી-કરાવી જેથી તે એક 'શાશ્વત સંભારણું' બની રહે. એટલું જ નહિ શહીદોને ગૌરવાન્વિત કરી, એમનું ઉચિત અભિવાદન કરી, સર્વના હૃદયમાં રાષ્ટ્રીય ચેતનાનો તાર રણઝણતો કરી મૂકવા એ નિમિત્ત બને તો યાત્રા સર્વની કૃતાર્થ બની રહે એ જ ભાવ !

મારી ભૂમિકા તો માત્ર એટલી જ કોઈ આકાશે ઊડતું પંખી. અચાનક આ યાત્રાએ નીકળેલા જહાજ પર બેસી જાય, જહાજ ચાલવા માંડે ને એ યાત્રાનું સાક્ષી બની રહે, એટલી ને ! પૂ.શ્રી'મા'એ સદ્‌ભાગ્ય બક્ષ્યું, એ કૃતજ્ઞતા વ્યક્ત કરી ધન્ય બનું !

—સંકલન

।। 'જપ'નું રક્ષાકવચ ।।

'જપ કરો...જપ થી જ બધું મળશે..મંત્ર જ તારે છે, જેના જપ થાય છે તે જ આપણી રક્ષા કરે છે.' આવું વારંવાર પૂજ્ય શ્રી'મા' આપણને સહુને કહેતાં રહે છે. આપણા મનની સ્લેટ પર સતત ઘૂંટાવતાં રહે છે તો આપણે પણ એને અનુકૂળતા અનુસાર વધાવતા રહીએ છે. પરંતુ જ્યારે એ વાત આપણા માટે સાચી પડે એની અનુભૂતિ થાય ત્યારે આપણી શ્રદ્ધા અને વિશ્વાસ દૃઢ થઈ જાય. મારા જીવનમાં પણ એવો જ એક પ્રસંગ બન્યો જેને લીધે મંત્ર–જપમાં મારો વિશ્વાસ દૃઢ થઈ ગયો.

મારી નોકરીના શરૂઆતના દિવસોમાં ઑફિસના કામ માટે વારંવાર મુંબઈ જવાનું થતું, ક્યારેક ટ્રેનમાં તો ક્યારેક બસમાં. એવી જ રીતે એક વાર મિટિંગ માટે મારે મુંબઈ જવાનું થયું. મારી સાથે મારા સહકર્મચારી પણ હતા. નિયમ મુજબ પૂજ્ય 'મા' પ્રભુને પ્રણામ કરી હું ઘરેથી નીકળ્યો. સ્લીપર બસ હોવાથી બસમાં ગોઠવાઈ થોડીવારમાં અમે સૂઈ ગયા. રાત્રે લગભગ ૩.૩૦ થયા હશે ને અચાનક અમને જોરથી ધક્કો અનુભવાયો. બસ જાણે પલટી ખાઈ ગઈ હોય એવું લાગ્યું. વગર વિચાર્યે જાણે ભર ઊંઘમાં જ "ૐ મા" "ૐ મા" બોલવાનું શરૂ થઈ ગયું. થોડી આંખો ખુલી તો લોકોની ચિચિયારીઓ સંભળાઈ. થોડા ભાનમાં આવીને જોયું તો ખબર પડી કે બસ રોડની એક બાજુ ઉલટી પડી ગઈ હતી અને લોકો બહાર નીકળવા ચીસો પાડતા હતા. હવે પાકી વાત હતી કે અમારી બસનો અકસ્માત જ થયો છે. બધે અંધારું હતું, અમારા પગ બારી તરફ થઈ ગયેલા, લોકો બહાર નીકળવા રસ્તો શોધી રહ્યા હતા. અમને ક્યાંય વાગ્યું છે કે નહિ તે તપાસી લીધા પછી અમે પણ બસની બહાર નીકળવાનો પ્રયાસ કરવા લાગ્યા.

અમારી સીટ પાછળ હતી, આગળની તરફ જવું અઘરું હતું પણ અચાનક જ કોઈએ ઈમરજન્સી વિન્ડો ખોલી નાખી અને અમે એમાંથી બહાર નીકળી શક્યા.

બહાર આવી ફરીવાર આખું શરીર તપાસી લીધું કે શું ખરેખર અમને કશું જ વાગ્યું નથી ? ડ્રાયવરને ગંભીર રીતે ઘાયલ જોયો બીજા બધાને નાની મોટી ઈજાઓ જોઈ અમને નવાઈ લાગી કે આ તો જાણે 'મા' પ્રભુએ જ રક્ષા કરી. જાણે અજાણ્યે મુખમાંથી નીકળેલા એ ''ૐ મા''ના એક ઉદ્‌ગારે અમને બચાવી લીધા. કદાચ એ ઉદ્‌ગાર પૂજ્ય'મા'એ જપ કરવાની પાડેલી કેળવણીની જ ઓળખ છે કે સતત જપ કરતા રહો. 'મા' પ્રભુએ તો જાણે અમને ફૂલની જેમ ઊંચકી લીધા તો અમારો મંત્રજપમાં વિશ્વાસ ખૂબ દૃઢ બની ગયો. માટે જાગતાં ઊંઘતાં, ઊઠતાં, બેસતાં બધી જ પરિસ્થિતિમાં જપ કરતાં રહીએ તો અંત સમયે તેનું જ સ્મરણ થાય. મારા જીવનની આ ઘટનાએ મંત્રજપનું મહત્ત્વ સમજાવી દીધું.

પૂજ્ય શ્રી'મા'એ એક સત્સંગ દરમિયાન મંત્રજપનું મહત્ત્વ એક પુસ્તકમાંથી સમજાવેલું કે કેટલા કરોડ જપ થાય તો ક્યા પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત થાય. તેમાં ૧૩ કરોડ જપ પૂર્ણ કરતા મંત્ર દેવના દુર્લભ દર્શન પ્રાપ્ત થાય તેવું વર્ણન આવે છે. આ માત્ર કહેવાની વાતો નથી પણ આ તો અનેક સાધુ સંતોએ સિદ્ધ કરી છે.

અને આપણાં પૂજ્ય શ્રી'મા' જ આપણા તો પ્રેરણારૂપ છે. તેમણે આપણી વચ્ચે રહીને આ જીવી બતાવ્યું છે. ૨૬ કરોડ કરતાં પણ વધારે જપને કરી આપણને સંદેશ ધર્યો કે આપણે ધારીએ તો શું ન કરી શકીએ ? પછી તો ઈશ્વર છે જ. આપણું ધ્યાન રાખવા માટે. પ્રણામ 'મા'.

—શ્રી નિકુંજ જોશી

।। ચાલો ઈશ્વરને શોધી લઈએ ।।

ચાલો આજે કંઈક નવું કરી જોઈએ,
માનવ માનવમાં રહેલો ઈશ્વર શોધી લઈએ.

શું ફેર પડશે કદાચ ન મળે તો ?
પણ, જો મળે તો બેચાર સવાલ પૂછી લઈએ.

કળિયુગનો તો હવે મધ્યાહ્ન વીત્યો,
ક્યારે અવતરશો પ્રભુ જરા તારીખ પૂછી લઈએ.

રણસંગ્રામ તો સરહદ પર ચાલુ જ છે,
ક્યારે ધરશો પ્રભુ હાથમાં ચક્ર સમય પૂછી લઈએ.

પ્રાર્થનાનું બળ તો સતત અજમાવીએ છીએ,
શું તમારા હૃદયમાં અમારું સ્થાન જાણી લઈએ.

જો એકવાર મળો હે પ્રભુ, તો બીજું કંઈ નહિ,
માનવમાં માનવતા રહે એવા આશીર્વાદ તો માગી લઈએ.

—લિ. રૂચિત પંડ્યા

॥ મંત્ર ॥

આ મંત્ર અમારું શસ્ત્ર હજો ને,
મંત્ર અમારું શાસ્ત્ર હજો.
આ મંત્ર અમારું ઘર બનજો ને,
મંત્ર અમારું તન બનજો.
આ મંત્ર વળી સંગાથ હજો ને,
મંત્ર અમારું મન બનજો.
આ મંત્ર અમારું શસ્ત્ર હજો ને મંત્ર અમારું શાસ્ત્ર હજો.
આ મંત્ર અમારું મસ્તક હો ને,
મંત્ર અમારું મંદિર હો.
આ મંત્ર અમારી મૂર્તિ બનો ને,
મંત્ર અમારી શક્તિ બનો.
આ મંત્ર અમારું રક્ષક હો ને,
મંત્ર અમારું બકતર હો.
આ મંત્ર અમારી તલવાર હજો ને,
મંત્ર અમારી ઢાલ હજો.
આ મંત્ર અમારું સર્વ હજો ને,
મંત્ર મહીં શ્રી હરિ મળજો.

- શ્રી મા સર્વેશ્વરી

Regd. No. BVHO/113/2024-2026,
Renewed upto 31-12-2026. R.N.I. No. 71957/99

સદ્‌ગુરુને સાચી રીતે એમના વાસ્તવિક
સ્વરૂપમાં એમને ઓળખવાનું કામ અતિશય
અઘરું છે. એને માટે એમની અહેતુકી
અનંત કૃપા જોઇએ.

- શ્રીયોગેશ્વરજી

Permitted to SPO's Bhavnagar, Posted at RMS Office Bhavnagar
on 1st of every month. Total Volume Pages 68,
Price per copy Rs.8/- Annual Subscription Rs.25/-